**સુવિચાર**

દરેક માનવીના જીવનમાં કેટલીક એવી પળો આવે છે જે ખૂબ નિર્ણાયક હોય છે. એને સુધારી લેવાથી ભાગ્ય બની જાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૩/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જ્યાં ભણવાનું ગૌરવ થાય
COMING SOON
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૦૭૨

## ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલની પ્રેરક ઉપસ્થિતિમાં

# રાજુલા ખાતે "કોંગ્રેસ તોડો ભાજપ જોડો" અભિયાનમાં જનમેદની ઉમટી

કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશ કરનાર પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર દ્વારા યોજાયો સત્કાર સમારોહ

ઘણા વર્ષો બાદ પૂર્વ ધારાસભ્ય ડેર અને વર્તમાન ધારાસભ્ય સોલંકી એક મંચ પર જોવા મળ્યા

ભાજપા પ્રમુખે એક વર્ષ પહેલા કહેલ રૂમાલ રાખવાની વાત સાચી થયાનું જણાવ્યું

સમગ્ર વિસ્તારનાં મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો અને આગેવાનોએ ભાજપનો કેસરીયો ધારણ કર્યો





અમરેલી, તા. ૬
અમરેલી જિલ્લામાં કોંગ્રેસના કાંગરા ખેરવીને અંબરીશ ડેરે કેસરીયો કર્યા બાદ આજે રાજુલાના આંગણે અંબરીશ ડેર દ્વારા સી.આર. પાટીલનો સત્કાર સમારોહ સાથે 'કોંગ્રેસ તોડો ભાજપ જોડો' અભિયાન હાથ ધરાયું હતું. જેમાં આજે અંબરીશ ડેરના હજારો સમર્થકો ઉમટી પડયા હતા અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા સાથે એક સમયના કટ્ટર હરીફ ઉમેદવારો એકબીજાને પછડાટ આપી ચૂકેલા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને અંબરીશ ડેર બન્ને એક સાથે અને એક જ મંચ પર

અનુસંધાન પાના ૬ ઉપર

## કૂવા પાસે રમતા-રમતા અંદર પડી ગઈ

# ધારીનાં પાદરગઢની વાડીનાં કૂવામાં દોઢ વર્ષની બાળકીનું પડી જવાથી મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૬
મુળ દાહોદ જિલ્લાના વતની અને હાલ ધારી તાલુકાના પાદરગઢ ગામે કાળુભાઈ હનુભાઈ ધાધલની વાડીમાં રહેતા તેજાભાઈ માલાભાઈ પારગીની દોઢ વર્ષની દીકરી પિનલબેન ગત તા. ૪ના બપોરના બે વાગ્યે પાદરગઢ ગામે કાળુભાઈ હનુભાઈ ધાધલની વાડીએ પાણી ભરેલ કુંડી પાસે રમતી હોય. ત્યારે આ બાળકી રમતા-રમતા અકસ્માતે પાણી ભરેલ કુંડીમાં પડી જતા અને પાણીમાં ડૂબી જતાં મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.













## પેટ્રોલ ટેન્ક લીકેજ થતાં ધુમાડો થતાં કાર સવાર સૌ બહાર આવ્યા

# બગસરાનાં ધારી માર્ગ ઉપર કારમાં અચાનક આગ લાગતા પાંચ વ્યકિતઓનો થયો આબાદ બચાવ

### ગણતરીની મિનિટોમાં ફાયર ફાઈટરે આગ પર કાબુ મેળવ્યો




બગસરા, તા. ૬
બગસરામાં ધારી બાયપાસ પાસે ગાડીમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જીરા ગામથી ભલગામ જતા અચાનક ગાડીમાં ધુમાડા નીકળતા વાહન ચાલક તેમજ તેમાં બેઠેલા પાચ વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. નીખીલભાઈ મુકેશભાઈ સેખડા રહે. સુરત તેવો જીરા ગામના મૂળ વાતની છે તેવો જીરા ગામથી લગ્ન માટે ભલગામ જતા હતા ત્યારેપેટ્રોલની ટાંકી લીક હોવાથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા. ત્યારે વાહન ચાલક

અનુસંધાન પાના ૬ ઉપર






## ભાજપ ભલે ભરતી મેળો યોજે અંતે વિજય તો પાંડવોનો થશે

# સત્તા લાલચુઓને જનતા જનાર્દન સાથે કાંઈ લેવા દેવા નથી

**પક્ષ છોડી જનારનાં લીધે હવે કોંગ્રેસ પક્ષ સ્વચ્છ અને મજબૂત બનશે**

**મહાભારતનાં યુધ્ધમાં કૌરવો પાસે પણ વિશાળ સેના હતી પણ પાંડવો પક્ષે જનાર્દન હતા એટલે પાંડવોનો થયો વિજય**

**ભાજપ પાસે ભલે વિશાળ સંગઠન હોય લોકસભાની ચૂંટણીમાં જનતા જનાર્દનનાં ભરોસે કોંગ્રેસ વિજેતા થશે**

**અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ પક્ષ પલ્ટુઓ પર કર્યા પ્રહારો**

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવેલ છે કે, વર્તમાન સમયમાં કોંગ્રેસનાં નાના–મોટા નેતાઓ કોંગ્રેસ પાર્ટી છોડીને ભાજપમાં જઈ રહ્યા છે તેનાથી કોંગ્રેસનાં કોઈપણ કાર્યકરો, આગેવાનો, ટેકેદારો, શુભચિંતકો કે મતદારોને નિરાશ થવાની જરૂરિયાત નથી. કારણ કે આવા નેતાઓને કોઈપણ જાતની વિચારધારા હોતી નથી માત્રને માત્ર પોતાનો સ્વાર્થ સાધવા માટે પક્ષ પલ્ટો કરતા હોય છે. આવા સત્તા લાલચુ લોકોને કાર્યકરો કે ટેકેદારો કે મતદારો કે વિચારધારા સાથે કંઈ લેવાદેવા હોતી નથી. આવા સત્તા લાલચુ, સ્વાર્થી, ડબલ ઢોલકી નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જવાથી કોંગ્રેસ પાર્ટી સ્વચ્છ અને મજબૂત બનશે અને પાયાના સાચા કાર્યકરોને યોગ્ય સ્થાન મળશે, ઈતિહાસમાં પણ જયારે મહાભારત થયું ત્યારે કૌરવોની સેના વિશાળ હતી અને સૌ કોઈ કૌરવોની સેનામાં સામેલ હતા છતાં પણ પાંડવો સામે કૌરવોની હાર થઈ અને વિનાશ થઈ ગયો. કારણ કે કૌરવો અધર્મના રસ્તે હતા જયારે પાંડવો ધર્મના રસ્તે હતા અને ભગવાન શ્રીકૃષ્ણ પણ પાંડવોના સારથી બનીને ધર્મની સાથે હતા. આ કળિયુગમાં કૌરવરૂપી ભાજપ પક્ષ અધર્મના રસ્તે છે અને તેની સેના મોટી છે અને સૌ કોઈ તેની સેનામાં સામેલ થવા માંગે છે. પરંતુ પાંડવરૂપી કોંગ્રેસનો વિજય નિશ્ચિ છે કારણ કે પાંડવરૂપી કોંગ્રેસ પક્ષ ધર્મના રસ્તે છે અને ભગવાન શ્રીકૃષ્ણ પણ પાંડવરૂપી કોંગ્રેસની સાથે છે.

### સરકારી કાર્યક્રમોમાં બસ ફાળવી દેવાતા

# ઉનાનાં ગ્રામ્ય વિસ્તારના લોકલ રૂટ બંધ કરી દેવાતા મુસાફરોમાં નારાજગી

**વિદ્યાર્થીઓ ચાલીને શાળાએ જવા મજબુર**

અમરેલી, તા. ૬

એસટી વિભાગ ઉના દ્વારા વહીવટી કારણોસર ઉના ગીર ગઢડા તાલુકામાં તમામ લોકલ બસોના રૂટ બંધ કરી ઉના ડેપોમાંથી ૧૮ થી વધુ બસોને વિવિધ તાલુકાના કાર્યક્રમોમાં ફાળવાતા ઉના ગીર ગઢડા તાલુકાના મુસાફરો અટવાઈ પડ્યા હતા અને વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે ચાલીને જવા મજબૂર બન્યા હતા ઉના એસટી વિભાગ દ્વારા એસટી ડેપોમાં લોકલ રૂટની બસો બંધ કરવામાં આવી હોવાના બેનરો માર્યા વગર અચાનક જ ૧૮ થી વધુ લોકલ રૂટની બસો બંધ કરવામાં આવતા મુસાફરો વિદ્યાર્થીઓ નોકરીયાતો રઝળી પડ્યા હતા અને વિદ્યાર્થીઓ કિલો મીટરો સુધી ચાલવા મજબૂર બન્યા હતા ઉના એસટી બસ સ્ટેશનમાં વિદ્યાર્થીઓ,મુસાફરો, અવર જવર કરતા નોકરિયાતોના અનુકુળ સમય પ્રમાણેની એક પણ લોકલ બસ ન હોવાથી ખાનગી વાહનોમાં બમણું ભાડું ચુકવી મુસાફરી કરવાની ફરજ પડી હતી.

### તાલીમ દ્વારા આત્મનિર્ભરપણ તરફ આગેકૂચ

# અમરેલી જિલ્લાનાં ઘનશ્યામ સ્વ સહાય જૂથના મનિષાબેન વઘાસીયા બન્યા 'ડ્રોન દીદી'

**જીએનએફસીનાં માધ્યમથી અંદાજે રૂા. ૫.૫૦ લાખની કિંમતનું ડ્રોન નિઃશુલ્ક મળ્યું**



અમરેલી, તા. ૬

વિકસિત ભારત અને વિકસિત ગુજરાતમાં મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓનો લાભ મળી રહ્યો છે. મહિલાઓ દ્વારા સખી મંડળના માધ્યમથી રચનાત્મક અને અર્થોપાજન દ્વારા સામાજિક પરિવર્તન આવી શકે છે. ઘર કામ કરતી મહિલાઓને ડ્રોન પાઈલટની તાલીમ આપી અને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર અને રાજય સરકારના માધ્યમથી 'ડ્રોન દીદી' બનાવવાનો નિર્ધાર છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામના ઘનશ્યામ સ્વ સહાય જૂથના મનિષાબેન વઘાસીયાને નિઃશુલ્ક ડ્રોન અર્પણ કરવામાં આવ્યું છે.

ધારી ખાતે યોજાયેલા 'નારી શકિત વંદન' કાર્યક્રમમાં પોતાનો પ્રતિભાવ આપતા મનિષાબેન વઘાસીયાએ જણાવ્યું હતું કે, મારો પરિચય 'ડ્રોન દીદી' તરીકેનો છે. મને જી.એન.એફ.સી. કંપનીના માધ્યમથી આ ડ્રોન નિઃશુલ્ક મળ્યું છે. મહિલાઓ ઘરકામ કરે છે તે સાથે અન્ય પ્રવૃત્તિઓ કરી પ્રગતિની નવી રાહ કંડારી શકે છે. દરેક ગામમાં મહિલાઓ સખી મંડળ શરૂ કરી, રાજય સરકારની વિવિધ યોજનાકીય સહાયનો લાભ મેળવી સ્વ સહાય જૂથો દ્વારા આત્મનિર્ભર બની શકે છે.

મનિષાબેને ઉમેર્યુ કે, ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં એક એકર જેટલા વિસ્તારમાં માત્ર દસ મિનિટ જેટલા સમયમાં દવાનો છંટકાવ કરી શકાય છે. વધુમાં તે આરોગ્યને થતી વિપરીત અસરો નિવારવામાં પણ ઉપયોગી છે. મને અમદાવાદ ખાતે ડ્રોન સંચાલનની થિયરી તેમજ પ્રેકિટકલ તાલીમ આપવામાં આવી હતી ત્યારબાદ આ ડ્રોન અર્પણ માટે મારી પસંદગી થઈ હતી. રૂા. ૫.૫૦ લાખની કિંમતનું આ ડ્રોન મળતા આગામી સમયમાં અમે સખી મંડળના માધ્યમથી તેનો સદ્‌ઉપયોગ કરશું.

ધારી ખાતે યોજાયેલા સમારોહમાં સાંસદ નારણભાઈ કાછડિયા, ધારી–બગસરા–ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પંડયા, ધારી પ્રાંત અધિકારી અને પ્રાંત અધિકારી બગસરા સાથે અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડ્રોન અર્પણ કરવામાં આવ્યું હતું.

### ધારાસભ્યની જહેમતથી

# ધારી : કરમદડી ગામનો પીવાનાં પાણીનો પ્રશ્ન દુર

**ગામજનોમાં ખુશીનો માહોલ**





ધારી, તા. ૬

ધારી તાલુકાના કરમદડી ગામે વર્ષો જુનો પ્રશ્ન ગામના પીવાના પાણીનો હતો ગ્રામજનોની સતત રજુઆતને ધ્યાનમા લઈને આ અતિ મહત્વના પ્રશ્નના નિવારણ માટે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ૧૬ લાખના ખર્ચે નવો કુવો અને મોટર સહિત વ્યવસ્થાઓ ઉભી કરતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અને ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

# જુનાગઢ લોકસભા ઈન્ચાર્જ વિપુલ દવે, રાજકોટ લોકસભા ઈન્ચાર્જ રાજદિપ ધાધલ





અમરેલી, તા. ૬

લોકસભાની ચૂંટણી કામગીરી ને ધ્યાને લઈને વિવિધ જીલ્લામાં લોકસભા ચૂંટણી વ્યવસ્થા કામગીરીની જવાબદારી નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલ ને જવાબદારી સોપવામાં આવેલ છે. જેમા અમરેલી નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલના જીલ્લા અધ્યક્ષ વિપુલ દવે ને જુનાગઢ લોકસભા ચૂંટણી ઈન્ચાર્જ તરીકે તેમજ પ્રદેશ સદસ્ય રાજદિપ ધાધલ ને રાજકોટ લોકસભા ચૂંટણી ઈન્ચાર્જ તરીકેની નિયુકિત નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલ ગુજરાત પ્રદેશ પ્રમુખ હિતેશગીરી ગોસ્વામી તરફથી કરવામાં આવેલ છે તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

### પ્રિન્સીપાલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલાનો આદેશ

# બાબરાઃ પેટ્રોલ–ડીઝલની ભેળસેળની ગેરરીતિમાં પંપના માલીકનો નિર્દોષ છુટકારો

**એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**





બાબરા, તા. ૬

બાબરા મુકામે પેટ્રોલપંપ ધરાવતા જસાણી બ્રધર્સ સામે જે તે સમયના બાબરાના મામલતદારએ હાલના આરોપીઓ કે જેમાં જસાણી બ્રધર્સ નામની પેઢીના ભાગીદારો પૈકી જસાણી સુર્યકાંત ગોરધનદાસ તથા જસાણી વિનોદરાય ગોરધનભાઈ વિરૂધ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૭ તેમજ પ્રિવેન્શન ઓફ માલ પ્રેકટીસીસ ઈન સપ્લાય એન્ડ ડીસ્ટ્રીબ્યુશન ઓર્ડર ધારાની કલમ–૭ તથા આવશ્યક ચીજ' વસ્તુની કલમ–૯, ૧૧ ના ભંગ બદલ હાલની ફરીયાદ કલેકટર અમરેલીના હુકમની વિગતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ જે તે સમયે નોંધાવેલી હતી. ત્યારબાદ આ પોલીસ તરફથી રેઈડ સમયે હાજર સરકારી અધિકારીઓ, જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ જિલ્લા પુરવઠા અધિકારી તથા નાયબ મામલતદાર વિગેરેના નિવેદનો લેવામાં આવેલા. અને ત્યારબાદ આ કામે તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ત્યારબાદ ફરીયાદની વિગતે જોવામાં આવે તો પેટ્રોલ ની ડેન્સીટીમાં તફાવત આવેલ છે તેવું જણાવીને ધી મોટર સ્પીરીટ એન્ડ હાઈસ્પીડ ડીઝલ પ્રિવેન્શન ઈન માલ પ્રેકટીસીસ ઈન સપ્લાય એન્ડ ડીસ્ટ્રીબ્યુશન ઓર્ડરની વિગતે આ કામના આરોપીઓ સામે કાનુની કાર્યવાહી શરૂ કરવા માટે ચાર્જશીટ કરવામાં આવેલું.

### આગામી કલાકોમાં જ દૂધનું દૂધ ને પાણીનું પાણી

# અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર મુકેશ સંઘાણી નહી તો કૌશિક વેકરિયા ?

**ભાજપનાં કાર્યકરોમાં અનેકવિધ અટકળો**





અમરેલી, તા. ૬

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવારને લઈને દોઢ ડઝન દાવેદારો વચ્ચે મુકેશ સંઘાણી પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. પરંતુ છેલ્લી ઘડીએ કૌશિક વેકરિયાની પસંદગી થાય તો પણ નવાઈ નહી રહે.

અમરેલી બેઠકમાં હિરેન હિરપરા, ભરત સુતરીયા, બાવકુભાઈ ઉંઘાડ, ગોપાલ વસ્તરપરા સહિતનાં અનેક દિગ્ગજોએ દાવેદારી કરી હોય છેલ્લી ઘડીએ યુવા આઈકોન મુકેશ સંઘાણી અને કૌશિક વેકરિયા પર પસંદગીનો કળશ ઢોળવામાં આવે તો નવાઈ નહી રહે.

# અમરેલી જીલ્લાનાં દિવ્યાંગ બાળકોનાં ખેલમહાકુંભમાં બહેરા–મૂંગા શાળાના બાળકો ઝળહળ્યાં



અમરેલી જીલ્લા રમત–ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાના શ્રવણમંદ બાળકોના ખેલ–મહાકુંભ યોજાયો, જેમાં ૧૦૦મીટર અને ૨૦૦ મીટર દોડ ની સ્પર્ધામાં જિલ્લામાં મોટી સંખ્યામાં દિવ્યાંગો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે અંતર્ગત બહેરા–મૂંગા શાળા અમરેલીનાં બાળકો ઉત્કૃષ્ટ દેખાવ રહયો જેમાં ભૂકણ અનિરૂધ્ધ, માઘડ પિયુશ, મકવાણા ધર્મેશ, ખાચર રાજપાલ, આલ પાસર, ઓડેદરા નિરજ, વર્મા પ્રવેશ, પરમાર ગૌતમ, બલદાણીયા ભાવીશા–ધ્રુવિશા, ખુમાણ શિવાની તેમજ વાળા જયોતિ એ ૧૦૦ મીટરની અને ૨૦૦ મીટરની દોડમાં બહેરા–મૂંગા શાળાના તારલાઓ વિજેતા રહયા સંસ્થાના આ દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપવા જિલ્લા રમત – ગમત અધિકારી પુનમબેન ઠુમકીયા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રવિભાઈ ખેર, જિલ્લા પ્રો. અધિકારી હરેશભાઈ વાણીયા, વશરામભાઈ તાવીયા, અશરફભાઈ પરમાર ની વિષેશ ઉપસ્થીતી રહી. આ સાથે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કિશોરભાઈ મહેતા તથા રઘુભાઈ ભટ્ટ તથા શાળા પરિવારે બાળકોને અભિનંદન પાઠવ્યા.

### વડાપ્રધાન મોદીએ કોલકાતામાં લીલી ઝંડી બતાવી

# હાવડાને કોલકાતા સાથે જોડતી દેશની પહેલી અંડર વોટર મેટ્રો રેલ શરૂ થઈ

## આ કોરિડોરની ઓળખ વર્ષ ૧૯૭૧માં શહેરના માસ્ટર પ્લાનમાં કરવામાં આવી હતી, આ ટનલ હુગલી નદીની નીચેથી આ બંને શહેરોને જોડશે

કોલકાતા, તા.૬

વડાપ્રધાન મોદીએ આજે કોલકાતામાં ભારતની પ્રથમ અંડરવોટર મેટ્રોનું ઉદ્દ્ઘાટન કર્યું છે. આ અંડરવોટર મેટ્રો રેલ નદી અને હાવડાને કોલકાતા શહેર સાથે જોડશે. આજે દેશને તેની પહેલી અંડરવોટર મેટ્રો મળી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતામાં મેટ્રોનું ઉદ્દ્ઘાટન તેમજ અનેક અન્ય પ્રોજેક્ટનું શિલાન્યાસ અને ઉદ્દ્ઘાટન પણ કર્યું હતું. કુલ મળીને વડાપ્રધાન મોદીએ બંગાળને ૧૫૪૦૦ કરોડ રૂપિયાની ભેટ આપી છે. નોંધનીય છે કે કોલકાતાની અંડરવોટર મેટ્રોની ટનલ હુગલી નદીની નીચે બનાવવામાં આવી છે.

વડાપ્રધાન મોદીએ અંડરવોટર મેટ્રોનું ઉદ્દ્ઘાટન ઉપરાંત કવિ સુભાષ-હેમંત મુખોપાધ્યાય મેટ્રો સેક્શન અને તરતલા-માજેરહાટ મેટ્રો સેક્શનનું પણ ઉદ્દ્ઘાટન કર્યું છે. મેટ્રો રેલ અનુસાર, આ કોરિડોરની ઓળખ ૧૯૭૧માં શહેરના માસ્ટર પ્લાનમાં કરવામાં આવી હતી. મેટ્રો રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી કૌશિક મિત્રાએ જણાવ્યું હતું કે હાવડા અને કોલકાતા પશ્ચિમ બંગાળના બે સદીઓ જૂના ઐતિહાસિક શહેરો છે અને આ ટનલ હુગલી નદીની નીચેથી આ બંને શહેરોને જોડશે.

આ મેટ્રો પ્રોજેક્ટની ૧૦ ખાસ વિશેષતા

૧- કોલકાતા મેટ્રોનો હાવડા મેદાન-એસ્પ્લેનેડ સેક્શન ખૂબ જ ખાસ છે, કારણ કે આ સેક્શનમાં ટ્રેન પાણીની નીચે દોડશે. હાવડા મેટ્રો સ્ટેશન ભારતનું સૌથી ઊંડું સ્ટેશન પણ છે.

૨- હાવડા મેદાન-એસ્પ્લેનેડ વિભાગ હુગલી નદીની નીચે બાંધવામાં આવ્યો છે. હાવડા અને સોલ્ટ લેક શહેરો હુગલી નદીના પૂર્વ અને પશ્ચિમ કાંઠે આવેલા છે.

૩- એપ્રિલ ૨૦૨૩ માં કોલકાતા મેટ્રોએ ટ્રાયલ તરીકે હુગલી નદીની નીચે ટનલમાં ટ્રેન દોડાવીને ઈતિહાસ રચી દીધો હતો, આવું ભારતમાં પ્રથમ વખત બન્યું હતું.

૪- આ સેક્શન ૪.૮ કિલોમીટર લાંબો છે જે હાવડા મેદાનને એસ્પ્લેનેડથી જોડશે. તેમાં હાવડા મેદાનને પૂર્વ-પશ્ચિમ મેટ્રો કોરિડોર હેઠળ સોલ્ટ લેક સેક્ટર વી સાથે જોડશે.

૫- અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે આ મેટ્રો હુગલી નદીની નીચે ૫૨૦ મીટરનું અંતર માત્ર ૪૫ સેકન્ડમાં કાપશે. ૬- એસ્પ્લેનેડ અને સિયાલદાહ વચ્ચે પૂર્વ-પશ્ચિમ એલાયમેન્ટનો ભાગ હજુ નિર્માણાધીન હેઠળ છે. જો કે, સોલ્ટ લેક સેક્ટર વી થી સિયાલદહ સુધીનો વિસ્તાર પહેલેથી ઉપયોગમાં છે.

૭- મેટ્રો ઓટોમેટિક ટ્રેન ઓપરેશન (એટીઓ) સિસ્ટમથી ચાલશે. મતલબ કે મેટ્રો ડ્રાઈવર દ્વારા એક બટન દબાવ્યા બાદ ટ્રેન આપોઆપ આગલા સ્ટેશન પર પહોંચી જશે. ૮- ઈસ્ટ-વેસ્ટ મેટ્રોના કુલ ૧૬.૬ કિલોમીટરમાંથી ૧૦.૮ કિલોમીટરનો હિસ્સો ભૂગર્ભમાં બનાવાયો છે, જેમાં હુગલી નદીની નીચેની ટનલ પણ સામેલ છે. બાકીનો ભાગ જમીન ઉપર છે. ૯- કોલકાતા મેટ્રોનો હેતુ જૂન અથવા જુલાઈની આસપાસ સોલ્ટ લેક સેક્ટર વી અને હાવડા મેદાન વચ્ચેના સમગ્ર પૂર્વ-પશ્ચિમ માર્ગ પર વ્યવસાયિક કામગીરી શરૂ કરવાનો છે. ૧૦- અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાણીની અંદરની મેટ્રોમાં લોકોને ૫G ઈન્ટરનેટની સુવિધા પણ મળશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ટનલમાં પાણીનું એક ટીપું પણ પ્રવેશી શકશે નહીં.

### એસઈસીએ બિટકોઈન ઈટીએફને મંજૂરી આપી

# બિટકોઈનની કિંમત ૬૯,૦૦૦ ડોલરની ઊંચી સપાટીએ પહોંચી

## બિટકોઇન વૈશ્વિક કેન્દ્રીયકૃત ડિજિટલ ચલણ હોવાના તેના વચનને પૂર્ણ કરવામાં તદ્દન નિષ્ફળ ગયું છે

નવી દિલ્હી, તા.૬

તાજેતરમાં બિટકોઈનની કિંમત ૬૯,૦૦૦ ડોલરની ઉંચી સપાટીએ પહોંચી છે. તેનું કારણ એ છે કે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી)એ બિટકોઈન ઈટીએફને મંજૂરી આપી હતી.આ પછી બિટકોઈનમાં રોકાણ કરવા માટે લોકોનો વિશ્વાસ વધ્યો છે. બિટકોઈન રસપ્રદ બાબતો જાણીએ. બિટકોઈન વિશે સૌથી રહસ્યમય વાત એ છે કે ૧૫ વર્ષથી વધુ સમય પછી પણ કોઈ તેના સ્થાપકનું નામ જણાવી શક્યું નથી. આ ક્રિપ્ટોકરન્સીનું વ્હાઈટપેપર ૩૧ ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું, જે સાતોશી નાકામોટો દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે સાતોશી નાકામોટોએ આ વર્ચ્યુઅલ મનીનો પાયો નાખ્યો હતો. પરંતુ શું સાતોશી એક વ્યક્તિનું કે લોકોની ટીમનું સાચું નામ છે? છેલ્લા કેટલાક વર્ષોમાં આ અંગે અનેક દાવાઓ સામે આવ્યા છે પરંતુ રહસ્ય હજુ પણ અકબંધ છે. ઑસ્ટ્રેલિયન ઉદ્યોગ સાહસિક અને કમ્પ્યુટર ટેકનિશિયન ક્રેગ રાઈટ દાવો કરે છે કે તેઓ ૨૦૧૬ થી વ્હાઈટપેપર લખી રહ્યા છે. જો કે તેની સત્યતા બાબતે સ્પષ્ટ કરવા માટે લંડનમાં ટ્રાયલ ચાલી રહી છે. તેના પ્રકાશનથી, બિટકોઈન પર ગેરકાયદેસર ચૂકવણીઓ માટે ડાર્ક વેબ પર પસંદગીનું ચલણ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જે ટ્રેસ નથી થઈ શકતો. આ ચલણ એવું છે જેના માટે હેકર્સ સામાન્ય રીતે રેન્સમવેર એટેક દરમિયાન ચુકવણીની માંગ કરે છે. યુરોપિયન સેન્ટ્રલ બેંકના બે નિષ્ણાતોએ ગયા મહિને એક બ્લોગમાં દાવો કર્યો હતો કે "બિટકોઈન વૈશ્વિક કેન્દ્રીયકૃત ડિજિટલ ચલણ હોવાના તેના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે અને તે હજુ પણ કાનૂની ટ્રાન્સફર માટે ભાગ્યે જ ઉપયોગમાં લેવાય છે. તેમજ ઈટીએફની નવી મંજૂરી બિટકોઈન ચૂકવણી અથવા રોકાણના સાધનના રૂપમાં યોગ્ય નથી એ હકીકતને બદલી શકે નહિ. બિટકોઈનનું વાજબી મૂલ્ય હજુ પણ શૂન્ય છે.બિટકોઈનએ તાજેતરના વર્ષોમાં થોડો વિશ્વાસ મેળવ્યો છે. યુએસ નાણાકીય નિયમનકારોએ જાન્યુઆરીની શરૂઆતમાં બિટકોઈન ઈટીએફ એટલે કે એક્સચેન્જ ટ્રેડેડ ફંડને મંજૂરી આપી હતી, જે બિટકોઈન રોકાણકારને ક્રિપ્ટોકરન્સી રાખ્યા વિના પરોક્ષ રીતે રોકાણ કરવાની મંજૂરી આપે છે. આ નિર્ણય બિટકોઈનની કિંમતમાં વધારાનું મુખ્ય કારણ હતું જેના કારણે મંગળવારે બિટકોઈને નવો રેકોર્ડ બનાવ્યો હતો.સપ્ટેમ્બર ૨૦૨૧માં, અલ સાલ્વાડોર બિટકોઈનને કાનૂની ટેન્ડર તરીકે સ્વીકારનાર પ્રથમ દેશ બન્યો. પરંતુ તે લોકપ્રિય ક્રિપ્ટો કરન્સી ન બની શક્યું. યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ અમેરિકા (યુસીએ)ના અભ્યાસ મુજબ, ૨૦૨૩માં ૮૮ ટકા સાલ્વાડોરિયનોએ ક્યારેય તેનો ઉપયોગ કર્યો નથી. કેટલાક વેપારીઓએ કહ્યું છે કે તેઓ તેને પેમેન્ટના સાધન તરીકે સ્વીકારશે.

### સર્વેના એપ્રુવલ રેટિંગમાં ૧૦ ટકાનો ઉછાળો

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં ફરી વધારો

## ઈપ્સોસ ઈન્ડિયાબસના સર્વે મુજબ ફેબ્રુઆરી ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ ૭૫ ટકાનું એપ્રુવલ રેટિંગ હાંસલ કર્યું

નવી દિલ્હી, તા.૬

વૈશ્વિક નેતાઓની લોકપ્રિયતાની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોચ પર છે. વડા પ્રધાન તરીકેની જવાબદારી સંભાળતી વખતે, મોદીએ આ મંજૂરી રેટિંગમાં ૧૦ ટકાનો વધારો પણ મેળવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં, વડાપ્રધાન મોદીએ ૭૫ ટકાનું એપ્રુવલ રેટિંગ હાંસલ કર્યું છે. મંજૂરી રેટિંગ સર્વેનું સંચાલન કરતી એજન્સીનું નામ **Ipsos Indiabus** છે. આ સર્વેથી વડાપ્રધાનનું રેટિંગ વધુ સારું થયું છે. ઈપ્સોસ ઈન્ડિયાબસના કન્ટ્રી સર્વિસ લાઈન લીડર પારિજાત ચક્રવર્તીએ કહ્યું છે કે અયોધ્યામાં રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠાને કારણે રેટિંગમાં વધુ ઉછાળો આવ્યો છે. જેના કારણે તેનું રેટિંગ સારું થયું અને તેને મંજૂરી રેટિંગમાં ૧૦ ટકાનો ફાયદો થયો છે. ગયા વર્ષે, જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૩ માટે આ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા, ત્યારે પીએમ મોદીને ૬૫ ટકાનું રેટિંગ મળ્યું હતું. આ ઉપરાંત, જો આપણે વર્ષ ૨૦૨૨ વિશે વાત કરીએ, તો પીએમનું રેટિંગ ૬૦ ટકા હતું. આ સર્વે પણ એજન્સી **Ipsos Indiabus** દ્વારા કરવામાં આવ્યો હતો.ઘણા શહેરોમાં, મોદીને વડાપ્રધાન તરીકેના તેમના કામ માટે ખૂબ ઊંચા રેટિંગ આપવામાં આવ્યા છે. જો આપણે ઉત્તરીય ક્ષેત્રને ૯૨ ટકા અને પશ્ચિમ ક્ષેત્રને ધ્યાનમાં લઈએ, તો અહીં રેટિંગ ૮૦% હતું. એ જ રીતે, ટાયર ૧ શહેરોમાં, પીએમ મોદીને ૮૪% રેટિંગ આપવામાં આવ્યું હતું, જ્યારે ટાયર ૩ શહેરોમાં, મોદીને ૮૦% રેટિંગ આપવામાં આવ્યું હતું.

સર્વેમાં ઉત્તરીય ક્ષેત્રમાં વધારો જોવા મળ્યો કારણ કે આ વર્ષે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું અને યુએઈમાં મંદિર પણ એક મોટું કારણ હતું. પશ્ચિમી શક્તિઓના પ્રભાવમાં આવ્યા વિના વૈશ્વિક મુદ્દાઓ પર મજબૂત વલણ અપનાવવું અને ભારતમાં ૪૨૦ સમિટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ઉંમરની વાત કરીએ તો ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોએ સ્ને ૭૯ ટકા રેટિંગ આપ્યું છે. ૧૮ થી ૩૦ વર્ષની વયના લોકોએ ૭૫ ટકા રેટિંગ આપ્યું છે. જો આપણે ૩૧ થી ૪૫ વર્ષની વયજૂથના લોકોની વાત કરીએ તો તેમણે વડાપ્રધાન મોદીને ૭૧% રેટિંગ આપ્યું છે.તેવી જ રીતે, જો આપણે વિભાગ મુજબના લોકોની વાત કરીએ, તો વિભાગ ૪ એ ૭૭ ટકા રેટિંગ આપ્યું છે, વિભાગ છ એ ૭૫ ટકા રેટિંગ આપ્યું છે અને વિભાગ ઝ એ ૭૧ ટકા રેટિંગ આપ્યું છે. મહિલાઓએ ૭૫ ટકા, પુરુષોએ ૭૪ ટકા, પૂર્ણ-સમયના માતા-પિતા અથવા ગૃહિણીઓએ ૭૮ ટકા રેટિંગ આપ્યું હતું.આ સર્વે **Ipsos Indiabus** દ્વારા કરવામાં આવ્યો છે. આ એક માસિક પેન ઈન્ડિયા ઓમ્નિબસ છે જે બહુવિધ ગ્રાહકો પર સર્વે કરે છે. આ સર્વે મેટ્રો, ટાયર ૧, ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાં પણ કરવામાં આવે છે. આ સ રભરતી માટે વધુ શક્તિશાળી અને પ્રતિનિધિત્વ આપે છે.

### ભાજપમાં ઘરવાપસીની અટકળો થઈ તેજ

# મહુવામાં ડો. કનુ કલસરિયા સાથે પાટીલે બંધ બારણે કરી બેઠક

## ડો કનુ કલસરિયાની ભાજપમાં ઘર વાપસી થઈ શકે છે, રાજુલાની મુલાકાત બાદ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ સીધા મહુવા પહોંચ્યા હતા

ભાવનગર, તા.૬

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના એક બાદ એક કાંગરા ખરી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસમાં હવે બહુ જૂજ મોટા ચહેરાઓ બચ્યા છે. ત્યારે મહુવાના જાયન્ટ કિલર ગણાતા અને ખેડૂત આગેવાનથી જાણીતા ડૉ કનુ કલસરિયાની ભાજપમાં ઘર વાપસી થઈ શકે છે. રાજુલાની મુલાકાત બાદ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ સીધા મહુવા પહોંચ્યા હતા. અહીં તેમણે ડૉ કનુ કલસરિયા સાથે બંધ બારણે મુલાકાત કરી હતી. થોડા મહિના પહેલા જ કલસરિયા કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ચુક્યા છે ત્યારે પાટીલ સાથેની તેમની મુલાકાત ઘણુ સૂચવી જાય છે. આ મુલાકાતને કલસરિયાએ શુભેચ્છા મુલાકાત ગણાવી હતી. ભાજપમાં જોડાવા અંગે કલસરિયાએ જણાવ્યુ કે મે વિચારવા માટે ૮-૧૦ દિવસનો સમય માગ્યો છે. અત્યારે ઘર વાપસી કરીશ તે અંગે વિચારવાનો સમય માગ્યો છે. હાલ જ્યારે કોંગ્રેસના દિગ્ગજો એક બાદ એક ભાજપમાં કેસરીયો ખેસ ધારણ કરી રહ્યા છે ત્યારે ત્રણવાર ભાજપના ધારાસભ્ય રહેલા ડૉ કનુ કલસરિયા ફરી ભાજપમાં જોડાય તેવી શક્યતા પ્રબળ બની છે.પાટીલ કનુ કલસરિયાને મળવા માટે તેમની સદ્ભાવના હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યા વિવિધ ડૉક્ટરની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. બંધ બારણે યોજાયેલી આ બેઠકમાં આહિર સમાજના આગેવાનો પણ પહોંચ્યા હતા. લોકસાહિત્યકાર માયાભાઈ આહિર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સી.આર. પાટીલે કનુ કલસરિયાના નિવાસસ્થાને ભોજન પણ લીધુ હતુ. આ મુલાકાત સંપૂર્ણપણે ખાનગી રખાઈ હતી પરંતુ હવે તેની જાહેરાત થઈ ચુકી છે. ડૉ. કનુ કલસરિયા, અમરીશ ડેર અને અર્જુન મોઢવાડિયાને ભાજપ સાથે જોડવાનું આખુ ઓપરેશન એકસાથે અને એક જગ્યાએથી થયુ હોવાની પણ સૂત્રો પાસેથી જાણકારી મળી રહી છે.

ડૉ કનુ કલસરિયાને પીએમ મોદી પણ ડૉક્ટર કહીને બોલવતા હતા. કલસરિયા તેમના સદ્ભાવના ગૃપ દ્વારા સેવાકીય પ્રવૃતિઓ માટે જાણીતા છે. પૂર્વ મુખ્યમંત્રી છબીલદાસ મહેતાને ડબલથી વધુ માર્જિનથી હરાવી જાયન્ટ કિલર તરીકેની ઓળખ બનાવી હતી. કલસરિયાએ મહુવા પંથકમાં પ્રદૂષણના મુદ્દે ઉદ્યોગોની એન્ટ્રી રોકી ખેડૂત નેતા તરીકેની ઓળખ બનાવી છે. ઉદ્યોગો સામેની લડતને કારણે તેમના પર હુમલો પણ થયો હતો. કળસરિયાએ મહુવામાં ઓદ્યોગિકરણ સામે મુદ્દો ઉઠાવી મોરચો માંડ્યો હતો. વર્ષ ૨૦૧૦માં કળસરિયાએ ૧૧ હજારથી વધુ ખેડૂતોના લોહીથી કરાવેલી સહીવાળુ આવેદનપત્ર લઈ સિમેન્ટ પ્લાન્ટ વિરુદ્ધ ગાંધીનગર પહોંચ્યા હતા.નવેમ્બર ૨૦૧૮માં તળાજામાં ખાનગી સિમેન્ટ કંપની દ્વારા જમીન અધિગ્રહણ વિરુદ્ધના દેખાવો દરમિયાન કંપનીની સંપત્તિને ૫ લાખનું નુકસાન પહોંચાડવાના કેસમાં કોર્ટે તેમને ૬ મહિનાની સાદી કેદ અને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

### ભારતીય રિઝર્વ બેન્કના ક્રેડિટ કાર્ડ અંગે નવા નિયમો

# ક્રેડિટ કાર્ડ માટે ગ્રાહકોને નેટવર્કની પસંદગીનો વિકલ્પ આપવો પડશે

## વર્તમાન કાર્ડધારકો માટે આ વિકલ્પ આગામી નવીનીકરણના સમયે આપવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૬

ભારતીય રિઝર્વ બેન્કે ૬ માર્ચ ૨૦૨૪એ કહ્યુ કે ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓએ કાર્ડ નેટવર્કની સાથે કોઈ કરાર કરવા જોઈએ નહીં. આ તેમને અન્ય કાર્ડ નેટવર્કની સેવાઓનો લાભ ઉઠાવવાથી રોકે છે. આરબીઆઈએ કહ્યુ કે કાર્ડ જારીકર્તાઓએ કાર્ડ જારી કરતી વખતે પોતાના લાયક ગ્રાહકોને ઘણા બધા કાર્ડ નેટવર્કમાંથી પસંદ કરવાનો વિકલ્પ પણ આપવો પડશે. વર્તમાન કાર્ડધારકો માટે આ વિકલ્પ આગામી નવીનીકરણના સમયે આપવામાં આવી શકે છે. આ પગલુ આરબીઆઈ તરફથી એ જોયા બાદ આવ્યુ છે કે કાર્ડ નેટવર્ક અને કાર્ડ જારીકર્તાઓની વચ્ચે હાજર અમુક વ્યવસ્થાઓ ગ્રાહકો માટે વિકલ્પની ઉપલબ્ધતા માટે અનુકૂળ નથી. સેન્ટ્રલ બેંક ડાયરેક્ટિવ અમેરિકન એક્સપ્રેસ બેંકિંગ કોર્પો., ડીનર્સ ક્લબ ઈન્ટરનેશનલ લિ., માસ્ટરકાર્ડ એશિયા/પેસિફિક પીટીઈ. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-રુપે અને વિઝા વર્લ્ડવાઈડ પીટીઈ લિમિટેડ તરીકે અધિકૃત કાર્ડ નેટવર્કને વ્યાખ્યાયિત કરે છે. આરબીઆઈએ કહ્યુ કે કાર્ડ જારીકર્તાઓ અને કાર્ડ નેટવર્કને એ નક્કી કરવાની જરૂર છે કે નવા કરાર નક્કી કરીને સુધારો કે નવીનીકરણના સમયે વર્તમાન કરારમાં નવા નિયમ લાગુ કરવામાં આવે. જોકે, આરબીઆઈએ સ્પષ્ટ કર્યુ કે નવી ગાઈડલાઈન તે ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓ પર લાગુ નથી જેમના જારી કરવામાં આવેલા એક્ટિવ કાર્ડની સંખ્યા ૧૦ લાખ કે તેનાથી ઓછી છે. આ સિવાય કાર્ડ જાહેરકર્તા જે પોતાના સ્વયંના અધિકૃત કાર્ડ નેટવર્ક પર ક્રેડિટ કાર્ડ જારી કરે છે. તેમને આ ગાઈડલાઈનથી બહાર રાખવામાં આવ્યા છે. સામાન્ય રીતે અધિકૃત કાર્ડ નેટવર્ક ક્રેડિટ કાર્ડ જારી કરવા માટે બેક્રો અને નોન-બેંક સાથે જોડાણ કરે છે. કોઈ ગ્રાહકને જારી કરવામાં આવેલા કાર્ડ માટે નેટવર્કની પસંદગી કાર્ડ જારીકર્તા દ્વારા નક્કી કરવામાં આવે છે અને આ તે વ્યવસ્થાઓ સાથે જોડાયેલો હોય છે જે કાર્ડ જારીકર્તા પોતાના દ્વીપક્ષીય કરારના સંદર્ભમાં કાર્ડ નેટવર્કની સાથે રાખે છે.

### કોરોનામાં રેમડેસીવીર ઇન્જેક્શન વિતરણ વિવાદ

# સી. આર. પાટીલ-હર્ષ સંઘવીને હાઈકોર્ટથી મળી મોટી રાહત

## કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી તરફથી હાઇકોર્ટ સમક્ષ કરાયેલી પોતાની પીઆઈએલ પાછી ખેંચી લેવાઇ હતી

અમદાવાદ, તા.૬

કોરોનાકાળ દરમ્યાન કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે રેમડેસીવર ઈન્જેક્શનનો જથ્થો સુરતના ભાજપ કાર્યાલય ખાતેથી વિતરણ કરવાનો વિવાદ ચર્ચામાં આવ્યો હતો. આ વિવાદમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં PIL એટલેકે, જાહેરહિતની રિટ દાખલ કરવામાં આવી હતી. કોરોનામાં રેમડેસીવીર ઈન્જેક્શન વિતરણ વિવાદમાં પાટીલ, હર્ષ સંઘવી વિરૂધ્ધ PIL ધાનાણીએ પાછી ખેંચી...ફુડ એન્ડ ડ્રગ્સ કેટ્રોલ એડમીનીસ્ટ્રેશન કમિશનર દ્વારા રચાયેલી કમીટીના રિપોર્ટમાં બંને નેતાને કલીનચિટ્...જોકે, લોકસભાની ચૂંટણી પહેલાં જ આ મામલે કરાયેલી રિટ આખરે જે કોંગ્રેસી નેતા કરી હતી તેમણે જ પાછી ખેંચી લીધી. આ કેસમાં નીમાયેલી તપાસ સમિતિ દ્વારા બંને નેતાઓને કલીનચિટ્ આપવામાં આવી હતી. જે અંગેનો રિપોર્ટ ધ્યાને લઈ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માથીની ખંડપીઠે પણ પ્રસ્તુત કેસમાં કોઇ ગેરરીતિ થઈ નહી હોવાનું જણાવ્યું હતું.હાઈકોર્ટના વલણ બાદ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી તરફથી હાઈકોર્ટ સમક્ષ કરાયેલી પોતાની પીઆઈએલ પાછી ખેંચી લેવાઇ હતી. હાઈકોર્ટે જણાવ્યું હતુંકે, પ્રસ્તુત કેસમાં રાજયના ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન કમિશનર દ્વારા કમીટીની રચના કરવામાં આવી હતી. જેનો રિપોર્ટ અદાલતે બહુ ઝીણવટભરી રીતે ધ્યાને લીધો છે અને અદાલતને પ્રસ્તુત કેસમાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક્સ એકટ- ૧૯૪૦ની જોગવાઈઓનો કોઈપણ જોગવાઈઓનો ભંગ થયો હોય તેવું કયાય પ્રતીત થતું નથી. હાઈકોર્ટે રાજયના ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશને કમિશનર દ્વારા રજૂ કરાયેલા સોગંદનામા અને રિપોર્ટને પણ રેકર્ડ પર લીધો હતો અને ત્યારબાદ ઉપરોકત મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. જેને પગલે અરજદારપક્ષ તરફથી પોતાની જાહેરહિતની રિટ અરજી પાછી ખેંચવાની મંજુરી માંગવામાં આવતાં હાઈકોર્ટે અરજદારને તેમની પીઆઈએલ પાછી ખેંચવાની મંજૂરી આપી હતી અને જણાવ્યું હતું કે, પીઆઈએલ સ્વરૂપમાં ફાઈલ થયેલી આ પિટિશન પાછી ખેંચાતા ફગાવી દેવામાં આવે છે.

### ચૂંટણી પંચે રાહુલ ગાંધીને આપી ચેતવણી

# વડાપ્રધા[redacted]ર નિવેદન આપીને [redacted]હુલ ગાંધી

## ચૂંટણી પંચે જાહેર કરેલ એડવાઈઝરીમાં રાહુલ ગાંધીને ભવિષ્યમાં વધુ સાવધ રહેવા માટેની સલાહ આપી છે

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણીને લઈને ચાલી રહેલી ગરમાવટ વચ્ચે ભારતીય ચૂંટણી પંચે રાહુલ ગાંધીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં ચૂંટણી પંચે તેમને ભવિષ્યમાં વધુ સાવધ રહેવાની સલાહ આપી છે. આયોગે દિલ્હી હાઈકોર્ટના આદેશ અને પીએમ મોદી વિરુદ્ધ નિવેદનો અને ટિપ્પણીઓ સંબંધિત મામલામાં રાહુલ ગાંધીના જવાબો અને અન્ય તથ્યોને ધ્યાનમાં લીધા બાદ આ એડવાઈઝરી જાહેર કરી છે. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ પીએમ મોદી વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી. આના [redacted] રીતે કામ કરે છે.

આ મામલે કાર્યવાહી કરતા ચૂંટણી પંચે રાહુલ ગાંધીને ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના જાહેર નિવેદનોમાં વધુ સાવચેત અને સાવધ રહેવા જણાવ્યું છે. ૨૩ નવેમ્બરે ચૂંટણી પંચે રાહુલ ગાંધીને નોટિસ પાઠવી રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીમાં તેમના ભાષણો અંગે તેમનું વલણ પૂછ્યું હતું.

નોટીસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સ્ટાર પ્રચારકો અને ઉમેદવારો જેમને અગાઉ નોટિસ મળી છે, જો તેઓ ફરીથી આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરશે તો તેમને કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે.

### ૧૫ એપ્રિલથી બજારમાં કેસર કેરી આવી શકે છે

# રાજકોટના બજારમાં રત્નાગિરીની હાફૂસ કેરીનું થયેલું આગમન

## આ વર્ષે કેરીના ડઝનના ભાવ રુપિયા ૧૨૦૦ થી ૧૫૦૦

રાજકોટ, તા.૬

રાજકોટના બજારમાં રત્નાગિરીની હાફૂસ કેરીનું આગમન થયુ છે. આ વર્ષે બજારમાં એક મહિના પહેલા જ હાફૂસ કેરીનું આગમન થઈ ગયુ છે. આ વર્ષે કેરીના ડઝનના ભાવ રુપિયા ૧૨૦૦ થી ૧૫૦૦ હોવાનું સામે આવ્યુ છે. ઉનાળાની શરુઆત પહેલા બજારમાં ફળોના રાજા કેરીનું આગમન થઈ ગયુ છે. રાજકોટના બજારમાં રત્નાગિરીની હાફૂસ કેરીનું આગમન થયુ છે. આ વર્ષે બજારમાં એક મહિના પહેલા જ હાફૂસ કેરીનું આગમન થઈ ગયુ છે. આ વર્ષે કેરીના ડઝનના ભાવ રુપિયા ૧૨૦૦થી ૧૫૦૦ હોવાનું સામે આવ્યુ છે. ગત વર્ષ કરતા આ વર્ષે કેરીનો ભાવ ઓછો હોવાનો વેપારીઓનો મત છે. ૧૫ એપ્રિલથી બજારમાં કેસર કેરી આવી શકે છે. આ વર્ષે કેરીનો પાક સારો થયો છે. તેમજ આ કેરીનો ડઝનનો ભાવ કેરીની સાઈઝ મુજબ નક્કી કરવામાં આવે છે. તેમજ આ વર્ષે કેરીનો ભાવ ઓછો છે.

### અંબાણી પરિવારના કાર્યક્રમના બંદોબસ્તમાં હતા

# બંદોબસ્ત પછી ઘરે જઈ રહેલાં પોલીસકર્મીને વાહને કચડી નાંખતા મોત

## ૭ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક

અમદાવાદ, તા.૬

હાલમાં ગુજરાતના જામનગરમાં એકઠો થયો હતો દુનિયાભરનો જમાવડો. જેનું કારણ હતું અંબાણી પરિવારનો કાર્યક્રમ. દેશના જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના પ્રી-વેડિંગ સેરેમનીને પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. ત્યારે કાર્યક્રમ પુરો થતાં પોલીસ પણ રાહતનો શ્વાસ લઈને ઘરે પરત ફરી રહી હતી. એવામાં જામનગરથી જ સામે આવ્યાં માઠા સમાચાર. ઉલ્લેખનીય છેકે, જામનગર ખાતે અંબાણી પરિવારના પ્રિ-વેડિંગ સેરેમનીના કાર્યક્રમમાં બંદોબસ્ત પૂર્ણ કરી ઘરે પરત ફરતા ગોંડલ પાસે હિટ એન્ડ રનના બનાવમાં પોલીસમેન વિનોદભાઈ લાલકિયાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઉંમવાડા રોડ પર બાઈક પર સવાર કોન્સ્ટેબલને અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઈ ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસ બેડામાં શોક છવાયો છે. વિનોદભાઈ વર્ષ ૨૦૧૧થી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા, ગોંડલ બાદ હાલ શાપર પોલીસ મથકમાં ફરજ હતી. ૭ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.આ અંગે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાયો છે. ફરિયાદમાં મૃતકના ભાઈ સંજયભાઈ ઉર્ફે ચંદુ હકુભાઈ લાલકીયા (ઉં.વ.૪૩)એ જણાવ્યું કે, હું મારા મૂળ ગામ બેટાવડ નવા પ્લોટ જુની પંચાયત સામે, તાલુકો ગોંડલ ખાતે રહું છું. ગામમાં મારી ૨૫ વીઘા ખેતીની જમીન આવી છે તેમાં ખેતી કામ કરું છું. ગઈકાલ તા.૪/૩/૨૦૨૪ ના રોજ હું જમીને મારા ઘરે સૂતો હતો ત્યારે આશરે રાત્રે પોણા બારેક વાગ્યે મારા નાના ભાઈ વિનોદભાઈના પત્ની શીતલબેનનો મને ફોન આવેલ અને વાત કરેલ કે, તમારા ભાઈનું એક્સિડન્ટ થયેલ છે અને તેને ગોંડલ સરકારી દવાખાને લઈ ગયેલ છે.જેથી હું તથા મારા કાકાનો દીકરો મિલન લાલકીયા અમે બંને જણા મારી વેગેનઆર ગાડીમાં બેટાવડથી નીકળી ગોંડલ સરકારી દવાખાને આવતા મને ખબર પડેલ કે, મારો નાનો ભાઈ વિનોદ ગુજરી ગયેલ છે. અને મેં તેની લાશ જોયેલ તો તેને જમણા પગે લાગેલ હતું અને જમણો પગ બે જગ્યાએથી ભાંગી ગયેલ હતો. શરીરે નાની મોટી ઈજા થઈ હતી અને મને વાતો વાતથી જાણવા મળેલ કે, વિનોદ ઉંમવાડા ગામે પ્રસંગમાં ગયેલ હતો અને તેનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર.જીજે-૦૩-જે બી -૫૫૫૦ લઈને ગોંડલ ઘરે આવતો હતો.ત્યારે રસ્તામાં આશરે પોણા અગીયારેક વાગ્યાના અરસામાં સુવર્ણભૂમિ રેસિડેન્સી પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલકે મારા ભાઈને મોટરસાયકલ સાથે અડફેટે લઈ એક્સિડન્ટ કરી શરીરે ગંભીર ઈજા પહોંચાડતા મારા ભાઈનું મોત નીપજેલ. મારા ભાઈ વિનોદભાઈ હાલ ગોંડલ સીટી પોલીસ લાઈનમાં રહેતા હતા. તેમને સંતાનમાં ૭ વર્ષનો દીકરો છે. ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

### ઉત્તર ગુજરાતમાં ઉનાળુ વાવેતર થઇ રહ્યું છે

# ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ફક્ત ૧૨.૬૨ ટકા ઉનાળુ વાવેતર

## પાંચ જિલ્લામાં ઉનાળુ વાવેતરની સ્થિતિ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૪૯.૧૫% વિસ્તારમાં વાવણી થઇ છે

મહેસાણા, તા.૬

ઉત્તર ગુજરાતમાં ચાલુ ઉનાળુ સીઝનમાં ૪.૦૫ લાખ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજ સામે ચાર સપ્તાહના અંતે ૫૧ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. બીજી બાજુ ૧૩૭૨ હેક્ટરમાં બાગાયતી ફળ પાકોનું વાવેતર થયું છે. જેમાં ૮૩૯ હેક્ટરમાં તરબૂચ અને ૫૩૩ હેક્ટરમાં અન્ય ફળ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે. ચાર સપ્તાહના અંતે ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ૧૨.૬૨% વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. પાંચ જિલ્લામાં ઉનાળુ વાવેતરની સ્થિતિ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૪૯.૧૫% વિસ્તારમાં વાવણી થઈ છે. જ્યારે સૌથી ઓછુ ૬.૮૯% વાવેતર બનાસકાંઠા જિલ્લામાં થયું છે. મહેસાણા જિલ્લામાં શિયાળુ સીઝનના વાવેતરની સીઝન પૂર્ણ થઈ છે. ચાલુ વર્ષે ૧.૮૦ લાખ હેક્ટરમાં વાવેતરના અંદાજ સામે ૧.૮૫ લાખ હેક્ટરમાં શિયાળુ વાવેતર થયું હતું. એટલેકે, અનુમાન કરતાં ૨.૫૫% વધુ વાવેતર થયું હતું. અને અત્યારે ઉનાળું વાવેતરની શરૂઆત થઈ ગઈ છે. ઉનાળુ સીઝનમાં ૪.૦૫ લાખ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજ સામે ચાર સપ્તાહના અંતે ૫૧ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. મહેસાણા જિલ્લામાં ૨૨.૧૨%વિસ્તારમાં વાવેતર થઈ ગયું છે. પાટણ જિલ્લામાં ૩૧.૮૮ %, મહેસાણા જિલ્લામાં ૨૨.૧૨ % અને અરવલ્લી જિલ્લામાં ૧૩.૭૧% વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. ૫૧૧૪૭હેક્ટરમાં થયેલા વાવેતરમાં પાક પ્રમાણે વાવેતરની સ્થિતિ જોઈએ તો, સૌથી વધુ ૨૧૮૭૫ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કરાયું છે. આ ઉપરાંત, ૧૭૩૫૭ હેક્ટરમાં બાજરી, ૪૬૦૫ હેક્ટરમાં મગફળી, ૪૬૦૫ હેક્ટરમાં શાકભાજી, ૫૮૬ હેક્ટરમાં મકાઈ, ૨૬૫ હેક્ટરમાં મગ, ૨૨૫ હેક્ટરમાં તલ, ૧૨૫ હેક્ટરમાં ડાંગર, ૬૮ હેક્ટરમાં ગુવારગમ, ૧૨ હેક્ટરમાં અડદ, ૩ હેક્ટરમાં ડુંગળી, ૧૪૨૧ હેક્ટરમાં અન્ય પાકોનું ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવ્યું છે.

### દર વર્ષે સારું ઉત્પાદન થાય છે

# મરચાની ખેતીએ ખેડૂતોને રોવડાવ્યાં, ઉત્પાદનમાં થયો ઘટાડો

## જોટાણા ગામમાં લગભગ ૧૦૦ વર્ષોથી મરચાની ખેતી થાય છે અને અહીંની જમીન દેશી મરચાના વાવેતર માટે અનુકૂળ છે

મહેસાણા, તા.૬

મહેસાણા જિલ્લાનાં જોટાણા તાલુકાના ખેડૂત ભીખાભાઈ અંબાલાલ પટેલ છેલ્લાં ૪૦ વર્ષોથી ખેતી કરે છે. આ વર્ષે ૭ વિઘા જમીનમાં મરચાનું વાવેતર કર્યું છે. અગાઉ પ્રતિ વિઘે ૧૦૦ મણ જેટલું ઉત્પાદન લીધેલું છે. પરંતુ આ વર્ષે મરચીનાં પાકમાં વાયરસ અને બીજા રોગ આવતા ઉત્પાદનમાં ખુબ જ ઘટાડો થયો છે. જોટાણા તાલુકાના ખેડૂત ભીખાભાઈ અંબાલાલ પટેલની ૫૭ વર્ષની ઉંમર છે. ૪૦ વર્ષથી ખેતી કરે છે. ૪ ધોરણ સુધી જ અભ્યાસ કર્યો છે. ખૂબ નાની ઉંમરથી જ ખેતીમાં જોડાઈ ગયા હતા. ૭ વિઘાની જમીનમાં દેશી ડોડવા મરચાનું વાવેતર કર્યું છે. જેની દેશી ધરું દર વર્ષે પોતે તૈયાર કરે છે. વાત કરતા જણાવ્યું હતું કે, જોટાણા ગામમાં લગભગ ૧૦૦ વર્ષોથી મરચાની ખેતી થાય છે અને અહીંની જમીન દેશી મરચાના વાવેતર માટે અનુકૂળ છે. ગામના લગભગ ૧૫ થી ૨૦ ખેડૂતો મરચાનું વાવેતર વધારે કરે છે. મરચાનું વેચાણ જોટાણા માર્કેટિંગ યાર્ડમાં કરે છે. જેમાં હાલ ખેડૂતોને પ્રતિ મણના હજાર રૂપિયાથી ઉપરના ભાવ મળી રહ્યા છે. ખેડૂત ભીખાભાઈએ આ વખતે ૬ વિઘા જમીનમાં મરચાની ખેતી કરે છે અને ગયા વર્ષે ૧૦ વિઘા મરચામાંથી ૨૦૦૦ મણનું ઉત્પાદન મેળવીને પ્રતિ વિઘે ૧.૫ થી ૨ લાખની કમાણી કરી હતી. પરંતુ આ વર્ષે વાતાવરણમાં થયેલા ફેરફારોનાં કારણે વાયરસ, કથળી જેવા રોગનો સામનો કરવો પડ્યો હતો. જેના લીધે આવકમાં ઘટાડો અને ખર્ચમાં વધારો નોંધાયો છે. આ વર્ષે મરચાની પ્રતિ વિઘે આવક ઘટીને ૧૦૦ મણ જેટલા મરચાની સરેરાશ આવક મેળવી છે.

### ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો ૫.૫ ટકા ઓછા વિઝા આપ્યા

# UKએ સ્ટડી વિઝા ઈશ્યૂ કરવાનું ઘટાડી દીધું, છતાં ભારતીયોને સૌથી વધુ વિઝા આપ્યા

## વર્ષ ૨૦૨૩માં યુકેએ ૪.૫૭ લાખ લોકોને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા પરંતુ ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો યુકેએ ૫.૫ ટકા ઓછા સ્ટડી વિઝા આપ્યા છે

નવી દિલ્હી, તા.૬

યુકેની કોલેજો અને યુનિવર્સિટીઓ દુનિયાભરના સ્ટુડન્ટ્સને આકર્ષી રહી છે. જોકે, તાજેતરમાં સ્ટુડન્ટ વિઝાને લઈને પોલિસીમાં થયેલા ફેરફારના કારણે સ્ટડી વિઝા ઈશ્યૂ કરવાનું પ્રમાણ ઘટી ગયું છે. યુકે સરકારના લેટેસ્ટ આંકડા મુજબ ૨૦૨૩માં યુકેએ અગાઉ કરતા ઓછા સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા છે. આમ છતાં ભારત એ યુકેના એજ્યુકેશન સેક્ટર માટે મહત્ત્વનું માર્કેટ છે અને ભારતીય વિદ્યાર્થીઓનું પ્રમાણ મોટું છે. વર્ષ ૨૦૨૩માં યુકેએ ૪.૫૭ લાખ લોકોને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા. પરંતુ ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો યુકેએ ૫.૫ ટકા ઓછા સ્ટડી વિઝા આપ્યા છે. કેલેન્ડર વર્ષની રીતે જોવામાં આવે તો ૨૦૨૩નો ટોટલ આંકડો સેકન્ડ હાઈએસ્ટ હતો. ૨૦૧૯ના વર્ષ કરતા ૨૦૨૩માં ૭૦ ટકા વધારે સ્ટડી વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં ૧૪ ટકા ઓછા ભારતીયોએ યુકેના સ્ટડી વિઝા મેળવ્યા હતા. આમ છતાં સ્ટડી વિઝામાં ભારત એ સૌથી મોટા માર્કેટનું સ્થાન ધરાવે છે. ભારતીય અરજકર્તાઓને એક વર્ષમાં કુલ ૧,૨૦,૧૧૦ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. એટલે કે યુકેએ કુલ સ્ટડી વિઝા ઈશ્યૂ કર્યા તેમાં એકલા ભારતનો લગભગ ૨૬ ટકા હિસ્સો હતો. ભારત પછી ચીન બીજા નંબર પર હતું અને ચાઈનીઝ સ્ટુડન્ટ્સને ૧,૦૯,૫૬૪ વિઝા ઈશ્યૂ થયા હતા. વર્ષ ૨૦૨૨ની તુલનામાં ચીનના સ્ટુડન્ટ્સને ૬ ટકા વધારે વિઝા અપાયા હતા. આફ્રિકાનો દેશ નાઈજિરિયા ત્રીજા નંબર પર હતો અને તેને ૪૨૧૬૭ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. જોકે, અગાઉના વર્ષ સાથે સરખામણી કરવામાં આવે તો નાઈજિરિયાને ૨૮ ટકા ઓછા વિઝા ઈશ્યૂ થયા છે. ત્યાર બાદ પાકિસ્તાનના સ્ટુડન્ટને ૩૧,૧૬૫ વિઝા, અમેરિકન વિદ્યાર્થીઓને ૧૪,૬૩૩ વિઝા ઈશ્યૂ થયા છે. આ બંને દેશના સ્ટુડન્ટને ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં ઓછા વિઝા અપાયા હતા. ૨૦૨૩માં કુલ ૬.૦૧ લાખ સ્પોન્સર્ડ સ્ટડી વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા જ્યારે અગાઉના વર્ષમાં આ આંકડો ૬.૧૯ લાખનો હતો. એટલે કે કુલ વિઝામાં ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો. દુનિયાભરમાં સ્ટુડન્ટ વિઝા પોલિસી પરના એક અભ્યાસ પ્રમાણે યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયાએ પોતાની નીતિમાં જે ફેરફાર કર્યો છે તેની અસર વિદેશી સ્ટુડન્ટ્સના આયોજન પર પડી છે. યુકે હંમેશાથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટને આવકારતો દેશ રહ્યો છે, પરંતુ ૨૦૨૩ના મધ્યમાં રિશિ સુનક સરકારે એવી કેટલીક જાહેરાતો કરી જેના કારણે વિદ્યાર્થીવર્ગ ચિંતામાં છે. યુકે હવે વિદેશી સ્ટુડન્ટ્સની સંખ્યાને કન્ટ્રોલ કરવા માંગે છે અને તે માટે તેણે સ્ટુડન્ટના આશ્રિતોને યુકે આવવા ન દેવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત લઘુતમ સેલેરીના ધોરણ પણ વધારી દેવાયા છે. માત્ર રિસર્ચ આધારિત પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ પોતાના ડિપેન્ડન્ટને યુકે લાવી શકશે. અરજકર્તાઓ અને ડિપેન્ડન્ટ માટે સ્પોન્સર્ડ સ્ટડી વિઝામાં એપ્રૂવલનો દર ૯૬ ટકા હતો તેવું યુકેની હોમ ઓફિસનો ડેટા દર્શાવે છે.

### જામનગરમાં કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર આવેલું છે

# શિવાલયમાં ચારેય દિશામાંથી થાય છે શિવલિંગના દર્શન

## જામનગરને પણ છોટી કાશી નામ મળ્યું છે, જામનગરમાં આવેલું કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર સૌથી પ્રસિદ્ધ મંદિર છે

જામનગર, તા.૬

દેશના કાશીમાં અઢળક શિવ મંદિરો આવેલા છે. જામનગરમાં પણ અનેક પૌરાણિક શિવ મંદિરો આવેલા છે. જામનગરની જનતાને ધર્મપ્રેમ જનતા તરીકે પણ ઓળખવામાં આવે છે. વાત તહેવારે મોટી સંખ્યામાં લોકો મંદિરોમાં દર્શન અર્થે આવે છે. જેમાં કેટલાક શિવ મંદિરો તો રાજાશાહી વખતથી પણ જૂના છે.એટલે જામનગરને પણ છોટી કાશી નામ મળ્યું છે. જામનગરમાં આવેલું કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર સૌથી પ્રસિદ્ધ મંદિર છે. અહીં ચારેય દિશામાંથી ભગવાન ભોળાનાથનાં દર્શન કરી શકાય છે. જામનગર જેને છોટી કાશી ગણવામાં આવે છે. હિન્દુ ધર્મના સૌથી વધુ જામનગરમાં મહાદેવના મંદિરો આવેલા છે. જેથી છોટી કાશી તરીકેની ઓળખ ઉભી થઈ છે. જામનગરમાં વહેલી સવારથી જ ભક્તોએ શિવાલયોમાં દોડ લગાવી ભગવાનના પૂજા, અર્ચન કર્યા હતા અને દુધની ધારાવાહી પણ કરી હતી. જામનગરમાં કાશી વિશ્વનાથ મંદિર સૌથી પ્રસિદ્ધ છે. જામનગરમાં આવેલા કાશી વિશ્વનાથ મંદિરમાં બિરાજમાન ભગવાન મહાદેવની શિવલિંગના ચારેય દિશામાંથી દર્શન કરી શકાય છે. આ મંદિર સદીઓ જૂનું છે. જામનગરમાં આવેલું કાશી વિશ્વનાથ મંદિર ૭૨ સ્તંભ પર ઉભેલું છે. જામનગરમાં આવેલા કાશી વિશ્વનાથ મંદિર વિશે વાત કરતાં આ મંદિરના પુજારી સુખદેવ મહારાજ જણાવે છે કે, ભારતમાં માત્ર બે થી ત્રણ જ આવા મંદિર છે, જેમાં શિવલિંગના દર્શન ચારેય દિશામાંથી કરી શકાય છે. એક વારાણસીમાં બિરાજમાન કાશી વિશ્વનાથ અને બીજું જામનગરમાં છે. આવું જ એક નેપાળમાં પશુપતિનાથ મહાદેવ મંદિર પણ છે. આ મંદિરમાં બિરાજમાન શિવલિંગ વારાણસીમાં બિરાજમાન કાશી વિશ્વનાથના સાંનિધ્યમાં વિશ્વાન બ્રાહ્મણો દ્વારા પુજા, અર્ચન, પ્રાર્થના કર્યા બાદ અખંડ દૂધની ધારાવાહી તથા અખંડ જ્યોત દ્વારા વાજતે ગાજતે કાવડમાં જામનગર લાવવામાં આવી હતી. સમયે જામનગરના મુખ્ય વજીર કરસનભાઈ પુંજાણીભાઈની દેખરેખમાં આ મંદિરમાં શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મંદિરમાં અન્ય મંદિર જેમ ગણપતી, કાળભૈરવ, હનુમાનજી, ચંડભૈરવ, બટુક ભૈરવનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### ઓપન સ્કૂલમાં ૧૨મા સુધી અભ્યાસ કરનારા છાત્રોને રાહત

# તમામ ઓપન સ્કૂલને હવે એનઈઈટી માટે એનએમસીની માન્યતા મળશે

## આવી માન્યતા પ્રાપ્ત ઓપન સ્કૂલના ૧૨મા ધોરણ પાસ વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષામાં બેસવાને યોગ્ય થઇ જશે

નવી દિલ્હી, તા.૬

ઓપન સ્કૂલમાં ૧૨મા સુધીનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને સુપ્રીમકોર્ટે મોટી રાહત આપતાં ડૉક્ટર બનવાનો માર્ગ મોકળો કરી દીધો છે. સુપ્રીમકોર્ટે કહ્યું કે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) અને રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ઓપન સ્કૂલને હવે નેશનલ એલિજિબિલિટી એન્ટ્રેન્સ ટેસ્ટ (એનઈઈટી) માટે નેશનલ મેડિકલ કાઉન્સિલ (એનએમસી)ની માન્યતા મળશે. હવે આવી માન્યતા પ્રાપ્ત ઓપન સ્કૂલના ૧૨મા ધોરણ પાસ વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષામાં બેસવાને યોગ્ય થઈ જશે. ખરેખર તો મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) એ ઓપન સ્કૂલ સ્ટુડન્ટ્સને નીટની પરીક્ષામાં બેસવાની મંજૂરી આપતા દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી પણ આ મામલે સુપ્રીમકોર્ટે વિદ્યાર્થીઓની તરફેણમાં ચુકાદો સંભળાવતા તેમને મેડિકલ એન્ટ્રેન્સ એક્ઝામ એટલે કે એનઈઈટીમાં બેસવાની મંજૂરી આપી દીધી છે. સુપ્રીમકોર્ટનો આ ચુકાદો એ તમામ લાખો વિદ્યાર્થીઓ માટે મોટી ખુશખબર છે જે આર્થિક તંગી કે અન્ય કોઈ મુશ્કેલીને કારણે રેગ્યુલર અભ્યાસ નથી કરી શકતા અને તેમનું ડૉક્ટર બનવાનું સપનું, સપનું જ બનીને રહી જાય છે. હવે આવા વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષા આપી મેડિકલનો અભ્યાસ કરી શકશે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ૧૯૯૭ના રેગ્યુલેશન ઓન ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનના ભાગ ૪(૨)ની જોગવાઈઓ અનુસાર એવા ઉમેદવારોને નીટમાં બેસતા અટકાવી દીધા હતા. બાદમાં ૨૦૧૮માં દિલ્હી હાઈકોર્ટે આ જોગવાઈને ગેરબંધારણીય ગણાવતાં તેને રદ કરી હતી. એમસીઆઈની આ જોગવાઈને ફગાવી દેતા, દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ ચંદ્ર શેખરની ખંડપીઠે કહ્યું હતું કે મેડિકલે એવો વિચાર આગળ ધપાવ્યો છે કે જે વિદ્યાર્થીઓ આર્થિક સંકડામણ અને મુશ્કેલીઓ અને સામાજિક કારણોસર નિયમિત શાળાએ જતા નથી તેઓ અન્ય વિદ્યાર્થીઓ કરતાં હલકી ગુણવત્તાવાળા અને ઓછા સક્ષમ છે. કોર્ટે આ પ્રકારની ધારણાને નકારી કાઢવાનો નિર્ણય લીધો હતો કારણ કે તે બંધારણીય જોગવાઈઓ અને લોકોની ધારણા વિરુદ્ધ છે. એમ પણ કહ્યું કે આ બંધારણની કલમ ૧૪ અને પ્રોફેશનલ ડિગ્રી મેળવવાની તકના અધિકારનું ઉલ્લંઘન છે. બાદમાં એમઆઈસીએ આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી જેમાં હવે નિર્ણય આવ્યો છે.

### રાધિકા મર્ચન્ટના પિતા વિરેન મર્ચન્ટ જાણીતા બિઝનેસમેન છે

# ઘણી કંપનીઓ ચલાવે છે મુકેશ અંબાણીના થનારા વેવાઈ વિરેન મર્ચન્ટ

## એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ જુલાઈમાં મુંબઈમાં લગ્ન કરશે

નવી દિલ્હી, તા.૬

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ જુલાઈમાં મુંબઈમાં લગ્ન કરશે. આ પહેલા જામનગરમાં ૧ માર્ચથી ૩ માર્ચ દરમિયાન બંનેની પ્રી-વેડિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દુનિયાભરની અનેક જાણીતી હસ્તીઓએ ભાગ લીધો હતો. અંબાણી પરિવારની વહુ બનવા જઈ રહેલી રાધિકા મર્ચન્ટના પિતા વિરેન મર્ચન્ટ એક્રોર હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ છે. દેશની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં તેનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર ઈહર્ષ્ઠી વાર્ષિક ૭ અબજથી વધુ ગોળીઓનું ઉત્પાદન કરે છે. મુકેશ અંબાણીના ભાવિ વેવાઈ વિરેન મર્ચન્ટ પણ ઘણી મોટી કંપનીઓમાં ડિરેક્ટર છે. મર્ચન્ટ પરિવારનો સંબંધ ગુજરાતના કચ્છ પ્રદેશનો છે. ૧૬ જાન્યુઆરી ૧૯૬૭ના રોજ જન્મેલા વિરેન મર્ચન્ટનું બાળપણ મુંબઈમાં વિત્યું હતું. સ્નાતક થયા પછી તેમણે પોતાનો વ્યવસાય શરૂ કર્યો. વિરેન મર્ચન્ટ એક્રોર હેલ્થકેરના સીઈઓ અને વાઈસ ચેરમેન છે. તેઓ એક્રોર નેચરલ પોલિમર પ્રાઈવેટ લિમિટેડ, એક્રોર બિઝનેસ સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ, એક્રોર પોલીફ્રેક પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, ઝેડવાયજી ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ, સાઈ દર્શન બિઝનેસ સેન્ટર્સ પ્રાઈવેટ લિમિટેડ સહિતની કંપનીઓમાં ડિરેક્ટર પણ છે. પરંતુ તેઓ હંમેશા લાઈમલાઈટથી દૂર રહે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેમની કુલ સંપત્તિ લગભગ ૭૫૦ કરોડ રૂપિયા છે. તેમની પત્ની શૈલા મર્ચન્ટ એક સફળ ઉદ્યોગસાહસિક છે. વિરેન અને શૈલાએ ૨૦૦૨માં એક્રોર હેલ્થકેરની સ્થાપના કરી હતી. ૧૮ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ જન્મેલી રાધિકા મર્ચન્ટ ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ છે. ન્યૂયોર્કથી અભ્યાસ પૂરો કર્યા બાદ તેણે ઈન્ડિયા ફર્સ્ટ ઓર્ગેનાઈઝેશનમાં ઈન્ટર્નશિપ કરી હતી. રાધિકાએ રિયલ એસ્ટેટ કંપની ઈસ્પ્રાવામાં જુનિયર સેલ્સ મેનેજર તરીકે પણ કામ કર્યું હતું. પરંતુ થોડા સમય પછી તે તેના ફેમિલી બિઝનેસમાં જોડાઈ ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાધિકા મર્ચન્ટ લક્ઝુરિયસ લાઈફ જીવે છે. તે ડિઝાઈનર કપડાં પહેરે છે અને મોંઘી બેગનો પણ શોખ ધરાવે છે. રાધિકા મર્ચન્ટ ખૂબ જ સ્ટાઈલિશ છે. તેને ડાન્સ, સ્વિમિંગ અને પુસ્તકો વાંચવાનો શોખ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાધિકાની નેટવર્થની વાત કરીએ તો તેની નેટવર્થ લગભગ ૮ થી ૧૦ કરોડ રૂપિયા છે.

### ગુજરાતીઓ મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ગેરકાયદે રીતે દાખલ થાય છે

# એરિઝોના બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં પ્રવેશતા ઈમિગ્રન્ટ્સ પરથી મોટું જોખમ ટળ્યું

અમદાવાદ, તા.૬

દર વર્ષે કેટલાય ગુજરાતીઓ મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ગેરકાયદે રીતે દાખલ થાય છે, અને આવા લોકોને બોર્ડર પેટ્રોલ દ્વારા અટકાયતમાં લઈને મોટાભાગે તેમને જરૂરી ફોર્માલિટી પૂરી કરીને રિલીઝ કરી દેવામાં આવે છે. જોકે, એરિઝોનાનાં રિપબ્લિકન સેનેટર્સ એવો કાયદો લાવવા માગતા હતા કે જેમાં રાજ્યની પોલીસને બોર્ડર ક્રોસ કરીને આવેલા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવાની સત્તા હોય, તેમજ કોર્ટ આવા લોકોને ડિપોર્ટ કરી શકે. તેના માટે તેમણે રાજ્યની સેનેટના અપર હાઉસમાં એક બિલ પસાર કરી દીધું હતું. આ બિલને જો કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયું હોત તો ટેક્સાસ અને ફ્લોરિડાની જેમ એરિઝોનામાં પણ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની મુશ્કેલી વધી શકે તેમ હતી, પરંતુ રાજ્યના ડેમોક્રેટ ગવર્નરે આ બિલને વીટો પાવર વાપરીને તેના પર બ્રેક લગાવી દીધી છે. અમેરિકાના એક પછી એક રાજ્યો હાલ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ પર સંકજો કસવા માટે કડક કાયદા લાવવા માટે કવાયત કરી રહ્યા છે ત્યારે એરિઝોનાના ડેમોક્રેટ ગવર્નર કેટી હોબ્સે ઈલીગલ માઈગ્રન્ટ્સને મોટી રાહત આપતા રાજ્યના રિપબ્લિકન્સની બહુમતી ધરાવતા સેનેટના અપર હાઉસ દ્વારા પાસ કરાયેલા એક બિલને વીટો વાપરીને અટકાવી દીધું છે. આ બિલની જોગવાઈઓ પર નજર કરીએ તો તેમાં ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરવાને ગુનો ગણીને આવા લોકોને પકડવાની એરિઝોનાને સત્તા આપવામાં આવી છે. એટલું જ નહીં, પોલીસે બોર્ડર ક્રોસ કરતા પકડેલા લોકોને કોર્ટ ડિપોર્ટ કરવાની કે પછી એરિઝોનાની બહાર મોકલવા આદેશ કરી શકે તેવી જોગવાઈ પણ આ બિલમાં હતી. ધ બિલ, કોલ્ડ ધી એરિઝોના બોર્ડર ઈનવેસન એક્ટને ગવર્નર કેટી હોબ્સે સોમવારે વીટોનો ઉપયોગ કરીને કાયદાનું સ્વરૂપ ધારણ કરતા અટકાવી દીધું હતું. કેટી હોબ્સ ભૂતકાળમાં બોર્ડર ક્રાઈસિસને જે રીતે બાઈડન સરકાર મેનેજ કરી રહી છે તે અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે, પરંતુ આ રિપબ્લિકન્સનો ટેકો ધરાવતા આ બિલ અંગે તેમનું એવું કહેવું હતું કે આ બિલ એન્ટી-ઈમિગ્રન્ટ તેમજ ગેરબંધારણીય છે. ગવર્નરે એવું પણ જણાવ્યું હતું કે આ બિલમાં જે જોગવાઈઓ છે તેનાથી બોર્ડર સિક્યોર નથી થવાની, અને તેના કારણે એરિઝોનામાં રહેતા લોકો અને રાજ્યના અર્થતંત્ર પર અવળી અસર પડશે અને સાથે-સાથે પોલીસ પર કામનો બોજ પણ વધશે. સાથે જ કેટી હોબ્સે એવો પણ દાવો કર્યો હતો કે ઈલીગલી બોર્ડર ક્રોસ કરતા લોકોને અરેસ્ટ કરવાની તેમજ ઈલીગલ ઈમિગ્રન્ટને ડિપોર્ટ કરવાની સત્તા માત્ર ફેડરલ ગવર્મેન્ટ પાસે છે. એરિઝોનાના રિપબ્લિકન સ્ટેટ સેનેટર્સ એવું બિલ પણ પસાર કરવાની તૈયારી કરી રહ્યા છે કે જેમાં સેલ્ફ ડિફેન્સના નામે ખેડૂતો અને પશુપાલકોને પોતાની પ્રોપર્ટીમાં ઘૂસેલા માઈગ્રન્ટ્સને શૂટ કરવાની પણ મંજૂરી મળશે, પરંતુ કેટી હોબ્સ તેની સામે પણ વીટો પાવરનો ઉપયોગ કરશે તે નક્કી મનાઈ રહ્યું છે. એક તરફ કેટી હોબ્સે એન્ટી ઈમિગ્રન્ટ બિલને અટકાવી દીધું છે તો બીજી તરફ આ બિલ પસાર કરનારા રિપબ્લિકન્સનો એવો દાવો છે કે બોર્ડર ક્રોસ કરવી ગેરકાયદે છે છતાંય બાઈડનના કાર્યકાળમાં દુનિયાભરના લાખો લોકો ઈલીગલી અમેરિકામાં ઘૂસ્યા છે, તેવામાં ઈલીગલ ઈમિગ્રન્ટ્સને આવતા રોકવા માટે રાજ્ય પોતાનો કાયદો બનાવે તે જરૂરી છે. માઈગ્રન્ટ્સના અસ્ખલિત પ્રવાહને કારણે બોર્ડર પેટ્રોલ પાસે સંસાધનો ખૂટી પડ્યા છે અને સરહદ પર આવેલા શહેરોમાં અને એરિઝોનામાં પણ ક્રાઈમ રેટ વધ્યો છે. જોકે, ડેમોક્રેટ્સ આંકડાઓ સાથેના પુરાવા રજૂ કરીને રિપબ્લિકન્સની આ દલીલને ખોટી ગણાવતા એવું કહી રહ્યા છે કે ટેક્સાસ જેવા રાજ્યના બોર્ડર પર આવેલા શહેરો અમેરિકાના બીજા કોઈ શહેરોની સરખામણીએ વધુ સુરક્ષિત છે. એરિઝોનાએ ૨૦૧૦માં એક કાયદો બનાવી સ્થાનિક પોલીસને કોઈપણ વ્યક્તિનું ઈમિગ્રેશન સ્ટેટસ ચેક કરવાની સત્તા આપી હતી, જેનો તે વખતે જબરજસ્ત વિરોધ થયો હતો.

### સંદેશખાલીની પાંચ પીડિત મહિલાઓને મોદી મળ્યા

# સંદેશખાલીમાં ઘોર પાપ થયું, માથું શરમથી ઝુકી જશે : મોદી

## ટીએમસી સરકાર બંગાળની મહિલાઓના ગુનેગારને બચાવવા માટે તમામ શક્તિ લગાવી રહી હોવાનો આક્ષેપ

કોલકાતા, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. અહીં પર તેમણે સંદેશખાલીની પાંચ પીડિત મહિલાઓ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન પીડિત મહિલાઓએ તેમની સાથે થયેલી ઘટના અંગે વડાપ્રધાન મોદીને જણાવ્યું. આ મહિલાઓનું દર્દ સાંભળીને વડાપ્રધાન મોદી ભાવુક થઈ ગયા.

બારાસાતમાં થયેલા નારી શક્તિ વંદના કાર્યક્રમ દરમિયાન સંદેશખાલી મામલે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સંદેશખાલીમાં ઘોર પાપ થયું છે. ત્યાં જે કંઈ પણ થયું તેનાથી કોઈનું પણ માથું શરમથી ઝુકી જશે પરંતુ ત્યાંની ટીએમસી સરકારને તમારા દુઃખથી કોઈ ફરક નથી પડતો.

ટીએમસી સરકાર બંગાળની મહિલાઓના ગુનેગારને બચાવવા માટે તમામ શક્તિ લગાવી રહી છે પણ પહેલા હાઈકોર્ટ અને પછી સુપ્રીમ કોર્ટથી પણ રાજ્ય સરકારને ઝટકો લાગ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાજમાં ત્યાં અત્યાચાર થઈ રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ટીએમસી સરકારને અત્યાચારી નેતા પર ભરોસો છે પરંતુ બંગાળની બહેન-દીકરીઓ પર ભરોસો નથી. બંગાળની મહિલાઓ અને દેશની મહિલાઓ આક્રોશમાં છે. મહિલાઓનો આ ગુસ્સો માત્ર સંદેશખાલી સુધી સીમિત નથી રહેવાનો. હું જોઈ રહ્યો છું કે ટીએમસીના માફિયા રાજને ખતમ કરવા માટે બંગાળની નારી શક્તિ નિકળી ચૂકી છે. બંગાળની બહેન-દીકરીઓનો બુલંદ અવાજ માત્રને માત્ર ભાજપ જ છે.

### લોહિત અને સતીનો સંગમ પણ અહીં જ થાય છે.

# ભારતમાં સૌપ્રથમ સૂર્યોદય અરુણાચલમાં જોવા મળે છે

## દરિયાની સપાટીથી ૧, ૨૪૦ મીટર ઉપર અરુણાચલના અંજોમાં નદી અને પર્વતોથી ઘેરાયેલું ચિત્ર જેવું ગામ ડોંગ છે

નવી દિલ્હી, તા.૬

સામાન્ય જ્ઞાન જેમ જેમ આ જ્ઞાન વધારવામાં મદદ કરે છે, તેમ દેશ-વિદેશની ઘણી બધી માહિતી જાણવા મળે છે. આ લેખમાં તમને એક પરિચિત પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, પરંતુ તેનાં જવાબથી ઘણા લોકો અજાણ છે.

ભારતના કયા રાજ્યના કયા ગામમાં સૌપ્રથમ સૂર્યોદય થાય છે? તે ગામનું નામ શું છે? પ્રથમ સૂર્યોદયને કારણે ઘણા તેને ભારતનું 'જાપાન' કહે છે. આ પ્રશ્નનો જવાબ આપતી વખતે, ઘણા લોકો મૂંઝવણમાં મુકાય છે. હવે જવાબ પર આવીએ. ભારતમાં સૌપ્રથમ સૂર્યોદય અરુણાચલ પ્રદેશમાં જોવા મળે છે. અરુણાચલ પ્રદેશ રાજ્યના અંજાઓ જિલ્લાનું એક નાનકડું ગામ ડોંગ આપણા દેશમાં પ્રથમ સૂર્યોદયનું સાક્ષી છે. ચાલો જાણીએ શા માટે. દરિયાની સપાટીથી ૧,૨૪૦ મીટર ઉપર અરુણાચલના અંજોમાં નદી અને પર્વતોથી ઘેરાયેલું ચિત્ર જેવું ગામ ડોંગ છે. ચીન અને મ્યાનમાર વચ્ચે સેન્ડવીચ જેવુ થઈ ગયું હોવા છતાં, તે ફોર્મમાં કમી નથી. બ્રહ્મપુત્રાની ઉપનદી ડોંગની ભવ્યતામાં વધારો કરે છે, લોહિત અને સતીનો સંગમ પણ અહીં જ થાય છે. ભારતના આ પૂર્વીય ગામમાં દિવસનો પહેલો સૂર્ય ઉગતો હોવાની વાત સૌપ્રથમવાર ૧૯૯૯માં જાણવા મળી હતી. ધીરે ધીરે એ પ્રકાશ બીજે ફેલાઈ જાય છે. ડોંગમાં આ સૂર્યોદય જોવા માટે, પ્રવાસીઓએ પહાડીની પાછળ આવેલા આ ગામ સુધી પહોંચવા માટે ૮ કિમીનું અંતર કાપવું પડે છે. આ ડોંગ ગામમાં સૂર્ય દેશના અન્ય ભાગો કરતાં એક કલાક વહેલો ઉગે છે. સૂર્યાસ્ત પણ વહેલો થાય છે. શિયાળામાં અહીં સૂર્યોદય સવારે ૫.૫૪ વાગ્યે, સૂર્યાસ્ત સાંજે ૪.૩૦ વાગ્યે થાય છે. દેશમાં પ્રથમ સૂર્યોદય જોવા માટે આ ગામ પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિય છે.

# અમરેલી જિલ્લાનાં ૯૧૮ મહિલા સ્વસહાય જૂથોને રૂા. ૨૫૫.૨૦ લાખની સહાયનું વિતરણ



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહિલાઓને પ્રોત્સાહન આપવાના પ્રયાસોના ભાગરૂપે 'વિ મહિલા દિન'ના ઉપલક્ષમાં પશ્ચિમ બંગાળ ખાતેથી ગરિમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને રાજયમાં પાટણ ખાતેથી મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સમગ્ર રાજયમાં ૧૩ હજારથી વધુ સ્વસહાય જૂથની ૧ લાખ ૩૦ હજારથી વધુ મહિલાઓને ૨૫૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા પાંચ વિધાનસભા મત વિસ્તારોમાં આયોજિત 'નારીશકિત વંદના' કાર્યક્રમમાં જિલ્લાના સ્વસહાય જૂથોને રિવોલ્વિંગ ફંડ, કેશ–ક્રેડિટ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, સ્ટાર્ટઅપ ફંડ, પીજી ફંડ માટે રૂા. ૨૫૫.૨૦ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીની પ્રેરક ઉપસ્થિતિમાં ધારી ખાતે સ્વ સહાય જૂથોને ચેક વિતરણ અને ડ્રોન અર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ધારી–ખાંભા–બગસરા વિધાનસભા વિસ્તારના ૧૨૭ સ્વ સહાય જૂથોને રૂા. ૨૭.૩૩ લાખની વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવી હતી. અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના ૧૭૨ સ્વ સહાય જૂથોને રૂા. ૫૨.૦૫ લાખની વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવી હતી. લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારના ૨૩૯ સ્વ સહાય જૂથોને રૂા. ૪૮.૬૦ લાખની વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવી. સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ૨૦૭ સ્વ સહાય જૂથોને રૂા. ૫૨.૫૫ લાખની વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવી છે. રાજુલા–જાફરબાદ વિધાનસભા મતવિસ્તારમાં ૧૭૩ સ્વ સહાય જૂથોને રૂા. ૭૪.૭૮ લાખની વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવી છે. અમરેલી જિલ્લામાં યોજાયેલા તમામ પાંચ વિધાનસભા ક્ષેત્રમાં બહોળી સંખ્યામાં લાભાર્થી મહિલાઓએ વડાપ્રધાન અને મુખ્યમંત્રીના પ્રેરક ઉદ્બોધને નિહાળ્યું હતું. વિકસિત ભારત અને વિકસિત ગુજરાતમાં મહિલાઓની પ્રગતિ માટે પ્રતિબદ્ધ રાજય સરકારનો મહિલાઓએ પ્રતિભાવ આપી આભાર વ્યકત કર્યો હતો. અમરેલી જિલ્લામાં અમરેલીમાં ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા અને ઉપસ્થિત મહાનુભાવોના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. લાઠી એ.પી.એમ.સી. ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા મહાનુભાવોના હસ્તે કાર્યક્રમ સંપન્ન થયો હતો. સાવરકુંડલા એ.પી.એમ.સી. ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા ખાતે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપ પ્રમુખો, સમિતિના અધ્યક્ષો, નગરપાલિકાના પ્રમુખો, સદસ્યો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, જિલ્લાના પ્રાંત અધિકારીઓ, વિવિધ તાલુકાના મામલતદારો, વિવિધ તાલુકા વિકાસ અધિકારીઓ, ડીએલએમ, અમરેલી, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને લાભાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરાનાં ઘંટીયાણ ગામ નજીક

ના રોજ સવારના આશરે સાતેક વાગ્યે ભેસાણ માર્કેટીંગ યાર્ડમાં મજુરી કામે ગયેલ હતા. અને ત્યાથી ત્રણેય વ્યક્તિ માલ ભરવા માટે એક ટેમ્પો નં. જીજે–૦૩–વી–૫૨૬૭ માં બેસીને નીકળેલ હતા. અને ત્યાર બાદ બપોરના સમયે ધારી બાજુના કોઈ ગામેથી આ ટેમ્પામાં ધાણાની ગુણીઓ ભરેલ હતી. અને ત્યાર બાદ બગસરા ગામથી આગળ ઘંટીયાણ ગામથી બહાર નીકળતા આ ટેમ્પાના ચાલક ટેમ્પો પુલથી આગળ પુરઝડપે અને બે ફિકરાઈથી ચલાવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ટેમ્પો રોડ ઉપર પલ્ટી ખાઈ જતાં આ પુનાભાઈ ટેમ્પની કેબીન નીચે દબાઈ ગયેલ હતા. તેમને ટેમ્પા નીચેથી બહાર કાઢી એમ્બ્યુલન્સ ૧૦૮માં ભેસાણ સરકારી દવાખાને લાવતા ડોકટરે પુનાભાઈને તપાસી મરણ ગયેલાનુ જાહેર કરેલ હતું.

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાનાં ધારી માર્ગ ઉપર કારમાં

તેમજ તેમાં સવાર ત્રણ મહિલા અને બે પુરૂષ ગાડીમાંથી બહાર નીકળી ગયા હતા પરંતુ થોડી જ વારમાં ગાડીમાં ભયંકર આગ ભભૂકી ઉઠી હતી. ત્યારે ત્યાંથી પસાર થતા રાહદારીઓએ પાલિકા ફાયર સ્ટેશનમાં જાણ કરતા ફાયર ફાઈટર પહોંચી ગયેલ હતું અને આગને કાબૂમાં લેવાની કોશિષ કરી હતી. પરંતુ જયારે ફાયરની ટીમ ત્યાં મોડી પહોંચી ત્યાં તો લગભગ અડધી ગાડી ખાખ થઈ ચૂકેલ હતી. ત્યારબાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી અને આ ઘટનાની જાણ પોલીસ સ્ટેશનને થતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે તત્કાલ આવી ગયેલ હતો. જયારે સદનસીબે કોઈ પણ જાનહાની થયેલ નથી.

### ભાજપે નવી દિલ્હી બેઠક ઉપર બાસુરી સ્વરાજને ટિકિટ ફાળવી

## લ્યો બોલો : દેશનાં કરોડો રૂપિયાનો ચુનો લગાવીને ફરાર થયેલ લલિત મોદીનાં વકીલને ટિકિટ

### આમ આદમી પાર્ટીએ પાંચ વેધક પ્રશ્ન ઉભા કર્યા

અમરેલી, તા. ૬

દેશની બેન્કોમાં રહેલ દેશવાસીઓનાં કરોડો રૂપિયા લઈને ફરાર થયેલ લલિત મોદીનાં વકીલ બાસુરી સ્વરાજને ભાજપે નવી દિલ્હી બેઠકનાં ઉમેદવાર બનાવતા આમ આદમી પાર્ટીએ વેધક પ્રશ્ન રજૂ કર્યા છે.

"આપ"નાં નેતા સોમનાથ ચેટરજીએ ભાજપને પ્રશ્ન કર્યો કે લલિત મોદીનો કોર્ટમાં બચાવ કરવો એ કેવી દેશભકિત છે. લલિત મોદીને ભગાડવા પાછળ કોનો હાથ છે, કાનૂની ચુંગાલમાંથી બચાવવામાં વકીલની શું ભૂમિકા છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ગૌમાતાની સલામતી વધારો

શાળાઓમાં લઈ જઈને સાચવવામાં આવે છે તે સ્વીકારવું રહ્યું. દેશમાં ગૌચરની કરોડો એકર જમીનમાં અસામાજીક તત્વોએ કરેલા દબાણો દૂર કરવા અદાલતે જવાબદાર અધિકારીઓને પાઠવેલા પરિપત્રનો અમલ કયાંક જ કરવામાં આવે છે. ગાયમાતાની અંદર તેત્રિશ કરોડ દેવતાઓનો વાસ છે તે સત્ય છે તો પછી જનતા માટે કામ કરતી સરકાર કેમ આ યોગ્ય અને ઉચિત બાબતે મૌન છે..!!? વર્તમાન સરકારમાં એવું કહેવાય છે કે 'મુમકિન હૈ' 'ગેરંટી છે' વગેરે... વગેરે... સરકાર માન– સન્માન સાથે ગાયને 'ગાયમાતા' તરીકેનો દરજ્જો આપવા માટે ત્વરિત યોગ્ય નિર્ણય લે અને જાહેરાત કરે એવી ગાયમાતાનું પૂજન કરતા અને સાચા હૃદયથી માનતા લોકોની લાગણી સાથે ઉચિત માંગ છે અને હા, સત્તાના પાંચ વર્ષ દરમ્યાન કે ચૂંટણી સમયે રાજકીય પાટલી બદલતા લોકોએ અને લોકોના સેવકોએ પણ જો ખરેખર સેવા માટે જ ચૂંટાયેલા હોય તો ગાયને 'ગાયમાતાનો' દરજ્જો અપાવવામાં સરકાર સમક્ષ બુલંદ અવાજ ઉઠાવવાનો સમય નજીક જ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલા ખાતે "કોંગ્રેસ તોડો ભાજપ જોડો"

લાંબા સમય પછી જોવા મળ્યા હતા.

પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેરે પોતાના વકતવ્યમાં ભાજપમાં બોલતી બંધ થવાની વાતનું ખંડન કર્યુ હતું અને ખુલીને કોંગ્રેસ સામે ટિક્કા ટિપ્પણી ન કરીને વિકાસનો સહભાગી થવાનું કહ્યું હતું અને ઉપસ્થિત મેદનીએ તાળીઓથી વધાવી લીધા હતા.

જયારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ આખા અલગ મૂડમાં જોવા મળ્યા હતા અને આખા ગુજરાતમાં કોઈ માટે રૂમાલ રાખીને જગ્યા રાખી તો તે માત્ર અંબરીશ ડેર માટે રાખી હતી જે આજે પૂર્ણ થયું છે. પણ આજે જે જનમેદની ધોમધખતા તાપમાં હજુ બેઠી હતી તે જ અંબરીશ ડેર પ્રત્યેની લાગણીઓ સ્પષ્ટ દેખાઈ છે. જયારે રાજુલા બગીચા માટે આંદોલન કરી ચૂકેલા અંબરીશ ડેરને બગીચો બનાવવાની પણ બાંહેધરી પાટીલે આપી હતી. જયારે અમરેલી જિલ્લા પંચાયતના સદસ્યો સહિત ૨ હજાર કોંગી સમર્થકોએ કેસરીયો કરી લીધો હતો અને રાજુલા, જાફરાબાદ, ખાંભા પંથકમાં મોટું ગાબડું અંબરીશ ડેરના ભાજપ પ્રવેશ બાદ પડયું હતું. જયારે અંબરીશ ડેરે કોંગી ધારાસભ્ય અરવિંદ લાડાણી પાટિલને મળ્યા અને ડો. કનુભાઈ કલસરિયા પણ મળ્યા હોવાનું અંબરીશ ડેરે જણાવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી બેઠક ઉપર કોંગ્રેસ તરફથી

છોડી ભાજપમાં જઈ રહ્યા હોય તેમજ કોંગ્રેસની આર્થિક સ્થિતિ પણ કંગાળ હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનાં હોમ સ્ટેટ ગુજરાતમાં સફળતા મળવી મુશ્કેલ હોય જિલ્લાનાં કોંગ્રેસનાં ૩ કદાવર નેતાઓ પરેશ ધાનાણી, વિરજી ઠુંમર અને પ્રતાપ દુધાત લોકસભાની ચૂંટણી લડવા નનૈયો ભણી રહ્યા છે.

આજથી ૩૦ વર્ષ પહેલા કોંગ્રેસ પક્ષની ટિકિટ મેળવવા અનેક દાવેદારો વચ્ચે ચડસા ચડસી થતી હતી અને આજે તેજ કોંગ્રેસ પક્ષ તરફથી કોઈ ચૂંટણી લડવા તૈયાર નથી તેવી કરૂણાજનક સ્થિતિ ગુજરાતમાં આવેલ અમરેલીમાં જોવા મળી રહી છે.


સંકુલ ધો. ૬ થી ૧૨ કોમર્સ સાયંસ – કુમાર શાળા પ્રવેશ
માર્ચ થી ગુજરાતી મિડીયમ – નવા પ્રવેશ નોંધણી ચાલુ

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| ધો. ૬ થી ૮ કુમાર | ૨૯૦૦ | ધો. ૧૧–૧૨ કોમર્સ કુમાર | ૪૩૦૦ |
| ધો. ૯–૧૦ કુમાર | ૩૫૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ કુમાર | ૧૨૨૦૦ |

★ Entry-Exit બાયપાસ ગેઈટ – ન્યુ CBSE બિલ્ડીંગ – અલગ કમ્પાઉન્ડ
★ ગર્લ્સ કેમ્પસથી સંપૂર્ણ રીતે અલગ વ્યવસ્થા – કુમાર શાળા બપોરની શીફટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રી...(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad100


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૦ | ૧૫૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ૨ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| ૩ | જુવાર સફેદ | ૮૦૦ | ૮૭૯ |
| ૪ | બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| ૫ | ઘઉં | ૪૨૦ | ૫૨૨ |
| ૬ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| ૭ | ધાણા | ૧૩૧૦ | ૧૪૮૨ |
| ૮ | તુવેર | ૧૭૫૧ | ૧૯૦૧ |
| ૯ | જીરૂ | ૪૫૨૫ | ૪૫૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૯૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૦ | ૧૧૯૧ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૭૫ |
| ૪ | તલ કાળા | ૨૮૧૦ | ૨૮૧૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૯૧૧ | ૪૧૪૫ |
| ૬ | બાજરો | ૯૦૯ | ૪૬૭ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૨૫ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૮૯ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૭૧ |
| ૧૦ | ચણા | ૯૨૮ | ૧૧૦૧ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૭૫ | ૧૩૮૫ |
| ૧૨ | તુવેર | ૯૦૦ | ૧૯૬૧ |
| ૧૩ | કપાસ | ૧૦૩૦ | ૧૬૨૩ |
| ૧૪ | એરંડા | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૧૫ | જીરૂ | ૩૮૨૦ | ૫૩૩૦ |
| ૧૬ | રાયડો | ૮૦૦ | ૮૮૫ |
| ૧૭ | રાય | ૯૫૦ | ૧૦૫૦ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૯૪૦ |
| ૧૯ | ધાણી | ૧૩૬૦ | ૨૮૦૦ |
| ૨૦ | અજમા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૨૧ | સોયાબીન | ૭૦૫ | ૮૧૮ |
| ૨૨ | મરચા લાંબા | ૧૦૦૦ | ૬૩૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૨૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૭૦ | ૨૮૨૫ |
| ૩ | જીરૂ | ૪૫૦૦ | ૬૦૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૫ |
| ૫ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૬૭ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૩૮ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૮૪૪ |
| ૯ | મકાઈ | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | અજમા | ૧૫૦૦ | ૨૪૫૬ |
| ૧૧ | ચણા | ૧૦૪૦ | ૧૧૨૯ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૧૩ | તુવેર | ૧૪૫૦ | ૧૯૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૧૬ |
| ૧૫ | મેથી | ૧૧૦૦ | ૧૨૧૮ |
| ૧૬ | રાય/રાયડો | ૮૦૦ | ૯૧૫ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૨૫૦૦ |
| ૧૮ | સોયાબીન | ૮૨૫ | ૮૪૬ |
| ૧૯ | વાલ | ૧૩૨૫ | ૧૯૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૬૧૮ |
| ૨ | મગફળી | ૧૧૬૫ | ૧૨૧૫ |
| ૩ | ધાણા | ૧૧૧૫ | ૨૦૭૫ |
| ૪ | તુવેર | ૧૫૩૫ | ૧૭૧૫ |
| ૫ | ઘઉં | ૪૫૬ | ૫૪૪ |
| ૬ | ચણા | ૧૦૫૯ | ૧૧૦૧ |
| ૭ | રાઈ | ૯૮૦ | ૧૧૦૦ |
| ૮ | જીરૂ | ૪૨૬૫ | ૫૭૭૫ |
| ૯ | મેથી | ૧૦૮૦ | ૧૨૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૬૦ | ૧૧૬૦ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૬૮ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૭૦ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| ૬ | મગ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ૭ | મેથી | ૧૩૮૧ | ૧૩૮૧ |
| ૮ | તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૯ | ચણા | ૧૦૫૦ | ૧૦૯૩ |
| ૧૦ | ધાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૧ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૧૦૧૧ | ૧૩૫૦ |
| ૩ | ઘઉં | ૪૩૫ | ૫૫૬ |
| ૪ | ચણા | ૧૦૨૧ | ૧૦૭૦ |
| ૫ | ધાણા | ૧૨૦૧ | ૧૫૧૫ |
| ૬ | એરંડા | ૧૦૭૧ | ૧૦૭૭ |
| ૭ | તુવેર | ૧૭૯૦ | ૧૭૯૦ |
| ૮ | અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૪ |
| ૨ | ચણા | ૯૨૫ | ૧૦૭૫ |
| ૩ | ચણા સફેદ | ૧૧૦૫ | ૧૧૨૬ |
| ૪ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૫ | ધાણા | ૧૧૭૦ | ૧૬૬૪ |
| ૬ | ઘઉં લોકવન | ૩૧૬ | ૪૬૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૫ | ૫૧૮ |
| ૮ | તુવેર | ૯૦૦ | ૧૪૦૨ |
| ૯ | મેથી | ૭૩૫ | ૯૨૦ |
| ૧૦ | સોયાબીન | ૬૦૧ | ૭૦૦ |
| ૧૧ | જુવાર | ૫૨૫ | ૧૦૨૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૪૧૦ | ૨૫૩૫ |

# બગસરાનાં નાના મુંજીયાસર ખાતે સરદાર પટેલ ની પ્રતિમાનું સ્થાપન થયું



અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં ભારતનાં પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગુજરાતનાં પનોતા પુત્ર સરદાર પટેલની ૫ હજાર પ્રતીમા સ્થાપન કરવાનાં ધ્યેય સાથે આગળ વધતાં બાબરાના ચમારડીના વતની ગોપાલભાઈ વસ્તપરાનાં સહયોગથી તૈયાર થયેલ સરદાર પટેલની પ્રતીમાનુ સ્થાપન ગામજનો એ ઉત્સાહ ભેર કર્યુ હતું.

## વડિયા ખાતે ઉત્સાહભેર સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવ યોજાયો : ૧૧ નવદંપતિઓ જોડાયા

### સરપંચ સહિતનાં સેવાભાવીઓનું ઉમદા કાર્ય

અમરેલી, તા.૬

ભારતીય સંસ્કૃતિ માં સોળ સંસ્કાર માના એક મહત્વ ના લગ્ન સંસ્કાર એ સૌથી મહત્વના સંસ્કાર માં આવે છે. આ સંસ્કાર સાથે નવ દંપતી પોતાના દામ્પત્ય જીવનની શરૂઆત કરે છે ત્યારે વર્તમાન દેખાદેખી ના યુગમાં નાણાનો વ્યય કરીને થતા ભપકાદાર લગ્ન કરતા સમુહ લગ્ન એક શિક્ષિત સમાજના વિકાસલક્ષી પ્રેરણાદાયક પગલું ગણવામાં આવે છે તયારે વડિયા ગૌ સેવા મિત્ર મંડળ દ્વારા ગ્રામ પંચાયતના પટાગણમાં ગૌસેવા સાથે સમાજસેવા નું ઉત્કૃષ્ટ સંદેશો આપતા અગિયાર દિકરીઓનો સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ યોજાયો હતો જેમા વડિયા ની મુખ્ય બજાર માં અગિયાર વરરાજાઓનો સમુહમાં વરઘોડો બેન્ડપાર્ટી સાથે નીકળતા તેને જોવા માટે લોકોના ટોળા ઉમટયા હતા. તો ભારતીય સંસ્કૃતિ મુજબ ખૂબ મોટી સંખ્યામાં આગેવાનો, દાતાઓ અને લોકોની હાજરીમા નવ દમ્પતિઓએ આશીર્વાદ મેળવી પ્રભુતામાં પગલા પાડયા હતા. જેમાં સો થી પણ વધુ વસ્તુઓ દાતાઓ દ્વારા કરીયાવરમાં



આપવામાં આવી હતી તો સમગ્ર ભોજન ખર્ચ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડ ના પરિવારે દ્વારા ભોગવી સમાજ સેવા પોતાનું યોગદાન આપ્યું હતુ. સમગ્ર કાર્યક્રમ માં ગૌ સેવા સાથે સમાજસેવા નુ ઉત્કૃષ્ટ ઉદાહરણ આપતા આ સેવાયજ્ઞ માં બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો જેમાં લગ્ન સાથે જોડાયેલ જાનૈયા અને માનૈયા યુવાનો દ્વારા પચાસ બોટલ જેટલું રકતદાન કરી સમાજસેવાના આ યજ્ઞ મા સેવારૂપી પોતાનું યોગદાન આપ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમમા વડિયા વાસીઓ અને અન્ય દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી આ સફળ આયોજન ગૌ સેવા મિત્ર મંડળ નચા વડિયા ના સરપંચ મનીષ ઢોલરીયા, કાળુમામા વડેરિયા, રમેશભાઈ સંઘાણી, દિનેશભાઈ સેજપાલ, ભરતભાઈ વઘાસીયા દ્વારા કરવામાં આવ્યું હતુ જેમા વડિયા વાસીઓ અને વિવિધ સંસ્થાઓએ પોતાનું યોગદાન આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ચલાલા : ભુવા કન્યાશાળા ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો





ચલાલા,તા.૬

ચલાલા ભુવા કન્યાશાળા ચલાલાની ધોરણ ૫ ની બાળા રાઠોડ સેજલ મગનભાઈએ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ હાર્મોનિયમ વાદનમાં દ્વિતીય ક્રમ હાસીલ કરી સિલ્વર મેડલ મેળવેલ છે.

તેમજ ભુવા કન્યા શાળાના શિક્ષિકા પૂર્ણિબેન સતાસિયાએ પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ મેળવેલ જે બદલ શાળા પરિવાર દ્વારા બંનેનું સન્માન કરવામાં આવેલ. તેમજ આજરોજ ભુવા કન્યા શાળામાં હેલ્થ સેન્ટર દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ તથા રાષ્ટ્રીય કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ ત્રિવિધ કાર્યક્રમમાં શાળાના આચાર્ય હરેશભાઈ જેબલિયા તથા શાળાના સ્ટાફ સુરેશભાઈ નિમાવત, વિશાખાબેન અમૃતિયા, તૃપ્તિબેન વાળા તથા પારૂલબેન સાદીયાએ જહેમત ઉઠાવી હતી. તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

### મંદિર સતત ૪૨ કલાક ખુલ્લુ રહેશે

## સોમનાથ ખાતે મહાશિવરાત્રિએ જામશે ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ

### લાખોની સંખ્યામાં શિવભકતો દર્શનનો લાભ લેશે

અમરેલી, તા. ૬

પ્રથમ જયોતિર્લિંગ દેવાધી દેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મહાશિવરાત્રીના પર્વ પર ૪૨ કલાક સતત ધર્મોત્સવ ઉજવવામાં આવશે. શિવરાત્રી પર્વ પર વર્ષના સેથી વધુ ભકો સોમનાથ મંદિરમાં નોંધાતા હોય છે. ગત વર્ષે પણ મહાશિવરાત્રી પર્વ પર બે લાખથી વધુ શ્રદ્ધાળુ હોય સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. ત્યારે ભાવિકોના મહાસાગરને પ્રયાને લઈ સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક મહાશિવરાત્રીની જેમ સવારે ૪:૦૦ વાગ્યે સોમનાથ મંદિર ભક્તો માટે ખોલવામાં આવશે. સવારે ૭ વાગ્યે પ્રાતઃ આરતી કરવામાં આવશે અને ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા ધ્વજા પૂજા અને પાલખી પૂજા કરી ૯:૩૦ કલાકે સમગ્ર મંદિર પરિસરમાં સોમનાથ મહાદેવનું સ્વરૂપ પાલખીમાં બિરાજમાન કરી દર્શનાર્થીઓને દર્શન માટે પાલખીયાત્રા યોજવામાં આવશે. વહેલી સવારથી જ શ્રી સોમનાથ ટ્રસ્ટની પરંપરા અનુસાર સોમનાથ યજ્ઞશાળામાં હોમાત્મક લઘુઢદ્ર યાગનું આયોજન કરવામાં આવશે. મંદિરમાં મહાશિવરાત્રીના પર્વ પર સોમેર મહાપૂજા પીઠિકામાં પણ વધારો કરવામાંઆવ્યો છે. પરંપરા અનુસાર જ મહાશિવરાત્રીની રાત્રિ પર ચાર પ્રહરની મહાપૂજા અને મહા આરતીનું પણ આયોજન કરાયું છે.

'જયતુ સોમનાથ' સંગીત નાટિકાઃ પ્રથમ જયોતિર્લિંગ સોમનાથના ઐતિહાસિક મહાત્મ્યને સંગીતમય શૈલીમાં શ્રદ્ધાળુઓ સમક્ષ પ્રસ્તુત કરતી જયતું સોમનાથ સંગીત નાટીકા સુપ્રસિદ્ધ ગાયક હેમંત જોષી અને ૧૦૦ થી વધુ કલાકારો દ્વારા ભોળાનાથના ભજન અને સંગીત આરાધના સાથે પ્રસ્તુત કરવામાં આવશે. મહાશિવરાત્રીના પર્વ પર સાંજે ૬:૩૦ વાગ્યે આ નાટિકા પ્રારંભ થશે રાષ્ટ્રીય સ્તર પર ખ્યાતિ ધરાવનાર સંગીતકાર અને ગાયક શ્રી હેમંત જોશી દ્વારા પોતાના ૧૦૦ થી વધુ કલાકારોના સમૂહ સાથે તૈયાર કરાયેલ જયતું સોમનાથ સંગીત નાટિકા સૌ પ્રથમ વખત સોમનાથમાં ભજવવામાં આવશે. સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે હજારો યાત્રીઓ આ નાટિકા નિઃશુલ્ક જોઈ શકે તે પ્રકારની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.

૨૫ બિલ્વ પૂજાઃ મહાશિવરાત્રીના પાવન પર્વ પર શ્રી સોમનાથ મહાદેવને લાખો બિલ્વ પત્ર અર્પણ કરવામાં આવનાર છે. ત્યારે પ્રત્યેક ભક પ્રથમ જયોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહ્યુ છે. '૨૫ બિલ્વ પૂજા સેવા'. ટ્રસ્ટ દ્વારા ગત મહાશિવરાત્રી, અને શ્રાવણ ૨૦૨૩ પર ભક્તો માટે આ વિશેષ બિલ્વ પુજા સેવા' શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૨૧ રૂપિયાની ન્યોછાવર રાશિ સાથે ભક્ત તરફથી સોમનાથ મહાદેવને બિલ્વ પત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો. ૨.૫૦ લાખ થી વધુ ભક્તોએ આ પૂજા નોંધાવી હતી અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે ઢદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર પોસ્ટ મારફત ભક્તોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા.

ત્યારે મહાશિવરાત્રી પર પ્રથમ જયોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને ૨૫ ની ન્યોછાવર રાશિ થી બીલીપત્ર પૂજનના પુણ્ય અર્જનની સાથે–સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલા એડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, ઢદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે. આ અદભુત બિલ્વ પૂજાનો લાભ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની અધિકારીક વેબસાઈટ http://somnath.org/ShortTermPooja/ પર બુક થઈ શકશે.

ચોપાટી ગ્રાઉન્ડ નજીકભંડારાઃ મહાશિવરાત્રીના પર્વ પર સોમનાથ દાદાના દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓ મહાદેવનો કૃપા પ્રસાદ પ્રાપ્ત કરે તે માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ તેમજ ભક્ત સમૂહ દ્વારા ભંડારાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જયાં એક જ સ્થાન પર શ્રદ્ધાળુઓને ફલાહાર ભોજન મળશે.

સ્વચ્છતાને લઈને ટીમો તૈનાતઃ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા દરેક વ્યવસ્થામાં વધારે કર્મચારીઓ મૂકી મહાશિવરાત્રીના પરોપર એક પણ શ્રદ્ધાળુને અગવડ ન પડે તેની ખાસ કાળજી રાખી છે. વિશેષ રૂપે જયારે લાખો લોકો દિવસ દરમિયાન પધારનાર હોય ટ્રસ્ટ દ્વારા સ્વચ્છતા અને અગ્રીમ મહત્વ આપી રાઉન્ડ ધી ક્લોક સફાઈ ટીમો તૈયાર કરી તીર્થ નિર્મળ અને સ્વચ્છ અનુભવાય તે સુનિશ્ચિત કર્યુ છે.

## ધ્રુફણીયા માર્ગ પર કોન્ટ્રાકટરની બેદરકારી કોઈનો ભોગ લેશે



નિયમોનો ઉલાળીયો કરતા ઈજારદારોની લાપરવાહી અને બેદરકારીને કારણે કરવામાં આવતા રોડના નવીનીકરણ માટે ઉપયોગ માટે લાવવામાં આવતી કપચી, સાવરકુંડલા –ભાવનગર વાયા લીલીયા,દામનગર, ધ્રુફણિયા,નાના–મોટા ઉમરડા,લીમડા ટૂંકા માર્ગ પર મંજૂર થયેલ રોડ પહોળો અને નવો કરવા માટે અમરેલી– બોટાદ જિલ્લાની આવતી હદમા ધ્રુફણિયા નજીક કોન્ટ્રાકટર દ્વારા રોડની બાજુમાં ઉતરવાને બદલે રોડ ઉપર કપચીના ઢગલા કરવામાં આવતા હોય,આને કારણે સામ–સામે થી આવતા મોટા વાહનો વચ્ચે અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના રહેતી હોય,માર્ગ અને મકાન વિભાગના સુપરવાઈઝર અને એન્જિનિયર આ બાબતે મટીરીયલ લાવતા ડ્રાયવરને કડક સૂચના આપવા માંગ છે.નહી તો કોઈ મોટો ગમખ્વાર અકસ્માત થશે તો કોન્ટ્રાકટર અને સરકારી બાબુઓ જવાબદાર રહેશે.

## ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા આપનાર માટે અમરેલી જિલ્લાનાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે લહિયા (રાઈટર) નો કેમ્પ યોજાયો

### શિક્ષણાધિકારી અને સમાજ સુરક્ષા અધિકારી ઉપસ્થિત રહયા

અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી તેમજ અમરેલી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓના લહિયા (રાઈટર) માટેનો કેમ્પ પ્રજ્ઞાચક્ષુ માધ્યમિક શાળા(અંધશાળા) ચિતલ રોડ,

અમરેલી ખાતે તા. ૦૬–૦૩–૨૦૨૪ ને બુધવારે રાખેલો હતો. જેમાં અમરેલીના જિલ્લા શિક્ષણ અધિ.મનોહરસિંહજી ગોહિલ તથા અમરેલી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી રવિરાજસિંહ ખેર ઉપસ્થિત રહીને દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.

આ કેમ્પમાં જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી–અમરેલી ના કર્મચારીઓ હાજર રહીને દિવ્યાંગ વિદ્યાર્થીઓ લહિયા માટેનાં જરૂરી દસ્તાવેજો તપાસીને કેમ્પને ભવ્ય સફળતા અપાવી હતી. ઉપકરોત કેમ્પની જીલ્લાના દિવ્યાંગ વિદ્યાર્થીઓ સંતુષ્ટ થયેલ છે.

## અમરેલીના શાસ્ત્રી કેયુરભાઈ જોષીની દ્વારકા ખાતે ભાગવત સપ્તાહનું આયોજન

અમરેલી, તા.૬

આગામી ઉનાળુ વેકેશનના મે માસમાં અમરેલીના વક્તા શાસ્ત્રી કેયુરભાઈ જોષીની શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું દ્વારકા ખાતે આયોજન કરવામાં આવ્યુંછે.

જેમાં પોથી પાટલા માટે યજમાન નામ નોધણી શરૂ કરેલ છે. પિતૃ કાર્ય માટે ચૈત્ર માસ સર્વ શ્રેષ્ઠ હોય તેમાં પિતૃઓના મોક્ષાર્થે ભાગવત કથા મોક્ષદાયી ઉતમ હોવાથી આગામી મે માસમાં તા. ૨ ગુઢવાર, ચૈત્ર વદ–નોમ થી તા.૮ બુધવાર, ચૈત્ર વદ અમાસ સુધી દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશ નગરીના સાનિધ્યમાં અમરેલીના વક્તા શાસ્ત્રી કેયૂરભાઈ જોષીની શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. કથાની વ્યાસપીઠ પરથી શાસ્ત્રી કેયૂરભાઈ જોષી પોતાની આગવી શેલીમાં કથાનું રસપાન કરાવશે કથાના યજમાનપદની નોંધણી માટે મો.૯૩૨૮૫ ૩૬૪૩૬ સંપર્ક સાધવો આ સપ્તાહમાં પોથી, પાટલો નોધાવનાર યજમાનો માટે રહેવા, જમવા, ઉતારાની પ્રતિ વ્યકિત શુલ્ક સાથેની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# અમરેલી : સેંટ મેરી સ્કુલ ખાતે પરફોર્મન્સ એક્સલન્સ એવોર્ડ વિનર ખેલાડીઓનું સન્માન થયું



સેંટ મેરી સ્કુલ અમરેલી ખાતે આજે મયુરસિંહ બારડ વ્યા.શિ. જનતા વિ. મોટાગોખરવાળા, રાજેશભાઈ ડોબરીયા સ્પોટર્સ ડાયરેકટર વિદ્યાસભા, પુલકિતા નિમ્બાવલ શુટીંગ કોચ, મહાવીરસિંહ રાઠોડ હોકી કોચ, રતનસિંહ ભુરીયા એથ્લેટીકસ કોચ, રવિભાઈ નાવડીયા હેન્ડબોલ કોચના હસ્તે ખેલ મહાકુંભમાં સ્કેટીંગ, બેડમિન્ટન,કરાટે, યોગાસન, ચેસ,દોડ,લાંબીકૂદ, ઉચીકુદ, ગોળા ફેંક તેમજ કલા મહાકુંભ કથ્થક, ચિત્ર, સ્કુલ બેન્ડ મા જિલ્લા કક્ષાના વિજેતાઓનું ફુલના હાર પહેરાવી મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ સ્કુલના પ્રિન્સિપાલ ફાધર બિનુએ સ્વાગત કરેલ સ્કુલના પી.ટી.આઈ શ્રી આઈ.પી.બારડે ખેલાડીઓની સફળતા માટેની વિગતો જણાવેલ.સ્કુલના કરાટેના બાળકો એ કરાટેનો ડેમો આપેલ. ખેલમહાકુંભમાં સ્કુલના બાળકોએ ૧લાખ ૪૨ હજારના ઈનોમો મેળવેલ છે સાસંદ કલા મહા કુંભમા કથ્થક માં ધોરણ ૬ ની પનસાળલા સાયસાએ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ છે.

## એક તરફ ભાજપમાં ભરતી મેળો પુરજોશમાં શરૂ હોય તેવા સમયે

# અમરેલી બેઠક ઉપર કોંગ્રેસ તરફથી કોઈ ઉમેદવાર બનવા તૈયાર નથી ?

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, વિરજી ઠુંમર અને પ્રતાપ દુધાત સહિતનાં મહત્વનાં આગેવાનોનો ચૂંટણી લડવા નનૈયો**

**પ્રધાનમંત્રી મોદી અને ગૃહમંત્રી શાહનાં ગુજરાતમાં કોંગ્રેસ એક સાંધે તો તેર તૂટેની સ્થિતિમાં**

**ચૂંટણીમાં સતત મળતી નિષ્ફળતાથી કોંગી આગેવાનોમાં ભરપૂર નિરાશા**

**એક સમયે કોંગ્રેસની ટિકિટ મેળવવા પડાપડી અને હવે સામેથી ન લડવા માટે ચડસાચડસી**







અમરેલી, તા. ૬

અમરેલીલોકસભાબેઠકની ચૂંટણી આગામી મહિને યોજાવાની સંભાવનાવચ્ચેકોંગ્રેસપક્ષજેવારાષ્ટ્રીય પક્ષમાંથી કોઈ ઉમેદવાર બનવા તૈયાર નથી.

અમરેલીજિલ્લામાંભાજપ દ્વારા ભરતી મેળો શરૂ થયો હોય મોટી સંખ્યામાંકાર્યકરોઅનેઆગેવાનોકોંગ્રેસ

અનુસંધાન પાના ૬ ઉપર

## ગંદકીનાં ગંજથી પેટ ભરતી હોય તેવા ગૌમાતાનાં દ્રશ્યો બંધ થવા જોઈએ


# અમરેલી જિલ્લા સહિત દેશભરમાં કરોડોની સંખ્યામાં રહેલ ગૌમાતાની સલામતી વધારો


**ભાજપે ૪૦૦ પારનાં નારા સાથે ગૌમાતાની સુરક્ષાનું વચન આપવું જરૂરી**

દામનગર, તા. ૬

ભારતીય સંસ્કૃતિમાં દરેક સનાતન ગ્રંથોમાં ગાયમાતાનું વર્ણન અને મહિમા છે, તેને દરેક પક્ષની સરકાર સામે નહિ, પણ એક વૈદિક પરંપરાના આધાર સ્થંભને ધ્યાનમાં રાખી ગાયને ગાયમાતાનો 'દરજજો' આપવા સત્તાધીશો સમક્ષ સંતો-મહંતો, વિવિધ ધાર્મિક-સામાજીક સંગઠનો વર્ષોથી રજુઆત અને ઝુંબેશ ચલાવી રહ્યા છે. તો પછી આ દેશમાં લોકો દ્વારા ચૂંટીને મોકલવામાં આવતા લોકોને માત્ર સત્તા અને શાસન કરવામાં જ રસ છે..!! આપણા દેશમાં સેંકડો ગાય, ગૌચરની જમીનમાં થયેલ દબાણોને કારણે રસ્તે રઝળી રહી છે અને પેટનો ખાડો પૂરવા માટે ગંદકી ખાઈને મોતને ભેટી રહી છે..!! પાલક ગાય માતા અને કોઈ કારણસર રસ્તે છોડી દેવાતી ગાય માતા-આખલા અને નંદીઓને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગૌ અને નંદી

અનુસંધાન પાના ૬ ઉપર





# બગસરાનાં ઘંટીયાણ ગામ નજીક ટેમ્પો પલ્ટી જતાં શ્રમિકનું મોત

અમરેલી તા. ૬

ભેસાણના જુનાગઢ રોડ ઉપર રહેતા કમલેશભાઈ કડવાભાઈ સીંગાડા, અલ્પેશ કનુભાઈ કટારા તથા પુનાભાઈ દેવાભાઈ મછાર ગત તા.૫

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)